Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૦ મું. સંવત ૧૯૯૯



અંક ૬ ઠ્ઠો. જાન્યુઆરી પોષ

પ્રકાશક,

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં


| | | | |
|---|---|---|---|
| ૧. શ્રી સામાન્ય જિન સ્તવન . | ૧૨૯ | ૭. સ્વધર્મ . . . . | ૧૪૪ |
| ૨. નવતત્ત્વ પ્રકરણ . . | ૧૩૦ | ૮. શાંતિ . . . . | ૧૪૭ |
| ૩. દુઃખી જગત . . . | ૧૩૪ | ૯. અમર આત્મમંથન . . | ૧૪૮ |
| ૪. શ્રી સિદ્ધસ્તોત્ર . . . | ૧૩૮ | ૧૦. 'જૈન'પત્રના તંત્રી અને ભાવનગરના શહેરી શેઠ દેવચંદભાઇ દામજીનો સ્વર્ગવાસ . . . | ૧૪૯ |
| ૫. એકાદશ અધ્યાત્મ ગુણશ્રેણી . | ૧૪૧ | | |
| ૬. ગુરુદેવદર્શન . . . | ૧૪૩ | ૧૧. વર્તમાન સમાચાર . . | ૧૫૦ |


### નવા થયેલા માનવંતા સભાસદો

| | | | |
|---|---|---|---|
| ૧. | દોશી અમૃતલાલ કાળીદાસ | જામનગર | લાઇફ મેમ્બર. |
| ૨. | વોરા પરમાણંદાસ નરોત્તમદાસ | ભાવનગર | ,, |
| ૩. | શાહ પ્રેમચંદ મોતીચંદ | ,, | વાર્ષિક મેમ્બર |
| ૪. | શાહ અમરચંદ માવજી | ,, | ,, |
| ૫. | શાહ ભાનુચંદ્ર પરશોતમદાસ | ,, | ,, |
| ૬. | શાહ તલકચંદ રઘુભાઇ | ,, | ,, |

### શ્રી જૈન આત્માનંદ સભાના સર્વ માનવંતા સભાસદો તથા ગુરુભકતોને ખાસ વિનતિ.

સ્વ. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજનું સ્મરણ નિરંતર સચવાઇ રહે તે માટે તા. ૩૦-૭-૪૨ ના રોજ મળેલી આ સભાની જનરલ મીટિંગે તે મહાપુરુષના સ્મારક માટે એક ફંડ કરવાનો ઠરાવ કરતાં સભાસદોએ નીચે પ્રમાણેની રકમ ફંડમાં ભરી છે. આપ પણ આ ફંડમાં આપનો યોગ્ય ફાળો આપશો.

૧૦૯૨) ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે થયેલ ફંડ.
૫૧) શેઠ જાદવજીભાઇ નરશીદાસ-ભાવનગર.
૫૧) શેઠ નટવરલાલ તથા રમણલાલ છોટાલાલ-મુંબઇ.
૫૧) શેઠ ચુનીલાલ વીરચંદ-રાધનપુર.
૨૫) શેઠ પરશોતમદાસ સુરચંદ-મુંબઇ.
૨૫) શેઠ ચંદુલાલ વર્ધમાન ,,
૨૫) શેઠ મગનલાલ હરજીવનદાસ-અમદાવાદ.
૧૫) શેઠ લાડકચંદ પાનાચંદ-બોટાદ.
૧૧) શેઠ મનુભાઇ લલ્લુભાઇ-અમદાવાદ.
૧૦) શ્રી દશાવીશા શ્રીમાળી બે નાત
૯) શેઠ ડાહ્યાલાલ મૂળચંદ-માણસા.
૫) વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ-સાદરા.
૫) શેઠ ખીમચંદ ફૂલચંદ-ભાવનગર.
૫) શેઠ જીવણલાલ ચુનીલાલ-વડોદરા.
૧૩૭૧)

(ફંડ ચાલુ છે)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૦ મું : આત્મ સં. ૪૭ વિક્રમ સં. ૧૯૯૯ : પોષ :
અંક : ૬ ઠ્ઠો : વીર સં. ૨૪૬૯ ઈ. સ. ૧૯૪૩ : જાન્યુઆરી :

## શ્રી સામાન્ય જિન સ્તવન.

( રાગ—ન જાને કિધર આજ મોરી નાવ ચલી રે )

સુહાયે સુરત, આજ તોરી નાથ ! ભલી રે
ભલી રે ભલી રે તોરી નાથ ! ભલી રે........સુહાયે. (ટેક)

સોહી રહી ગુણાવલી, મોહી રહી સુરાવલી;
દીઠી સદા મીઠી આનંદકળી રે,
ભલી રે ભલી રે તોરી નાથ ! ભલી રે........સુહાયે. ૧.

દીન કે નાથ તોરી નૈના ચંગી;
અવિકારી વીતરાગ ભાવ કેરી સંગી,
દિલખુશ અનેરી અનેરી પલી રે,
ભલી રે ભલી રે તોરી નાથ ભલી રે........સુહાયે. ૨.

**નેમિ-લાવણ્યસૂરિ,** દાસ તેરા ડોલે,
દિલ મેં પ્રિતધારી, જિન જિન બોલે;
સેવા જિનપદ કી શીખા, મેવા શિવપુર કા ચખા;
દક્ષ કેરે જીવન કી આશ ફલી રે,
ભલી રે ભલો રે તોરી નાથ ! ભલી રે........સુહાયે. ૩.

રચયિતા: **મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हं नमः ॥

# નવતત્ત્વપ્રકરણ

## પદ્યમય અનુવાદ સહિત.

અનુ: મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ

( ગતાંક પૃષ્ઠ ૧૧૨ થી શરુ )

શેષ ચારે માર્ગણા ને દ્વારમાં સંસાર છે,

**मूल—दव्वपमाणे सिद्धाणं, जीवदव्वाणि हुंतिऽणंताणि ।**
**लोगस्स असंखिज्जे, भागे इक्को य सव्वेवि ॥ ४७ ॥**

[ દ્રવ્યપ્રમાણદ્વાર અને ક્ષેત્રદ્વાર ]

જીવદ્રવ્ય દ્રવ્યપ્રમાણદ્વારે, સિદ્ધના જ અનંત છે;
અસંખ્યાતમા વિભાગ સરખા, લોકકેરા ક્ષેત્રમાં,
એક અથવા સર્વ સિદ્ધ,-નિવાસ ભાખ્યો શાસ્ત્રમાં. (૪૬)

**मूल—फुसणा अहिआ कालो, इग-सिद्ध-पडुच्च साइओऽणंतो ।**
**पडिवायाऽभावाओ, सिद्धाणं अंतरं नत्थि ॥ ४८ ॥**

[ સ્પર્શના-કાળ-અંતર-અનુયોગદ્વાર ]

અવગાહનાથી સ્પર્શના, સિદ્ધો તણી અધિકી જ છે,
એક સિદ્ધ જ આશ્રયી, સાદિ અનંતો કાળ છે;
સિદ્ધને પડવા તણા જ, અભાવથી અંતર નથી,
અથવા પરસ્પર ક્ષેત્રથી પણ, સિદ્ધને અંતર નથી. (૪૭)

**मूल—सव्वसिद्धाणमणंते, भागे ते, तेसिं दंसणं नाणं ।**
**खइए भावे परिणा,-मिए अ पुण होइ जीवत्तं ॥ ४९ ॥**

[ ભાગ તથા ભાવ અનુયોગદ્વાર ]

અભવ્યથી જો કે અનંતગુણ, સિદ્ધના જીવો જ છે,
તો ય સવિ સંસારી જીવના, અનંતમે ભાગે ય છે;
ક્ષાયિક ભાવે જાણ કેવળ, - જ્ઞાન ને દર્શન મુદા,
પારિણામિક ભાવનું, જીવત્વ સિદ્ધતણું સદા. (૪૮)

**मूल—थोवा नपुंससिद्धा, थी-नर-सिद्धा कमेण संखगुणा ।**
**इअ मुक्खतत्तमेअं, नवतत्ता लेसओ भणिया ॥ ५० ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ અલ્પબહુત્વ નામનું નવમું અનુયોગદ્વાર ]

કૃત્રિમ નપુંસકલિંગવાળા, સિદ્ધ સૌથી અલ્પ છે,
સંખ્યાત ગુણ સ્ત્રીલિંગવાળા, સિદ્ધ તેથી મનાય છે;
તેથી વળી સંખ્યાત ગુણ પુલ્લિંગ સિદ્ધ ગણાય એ,

[ મોક્ષતત્ત્વની સમાપ્તિપૂર્વક નવતત્ત્વની સમાપ્તિ ]

કહ્યું મોક્ષતત્ત્વ અને કહ્યાં, સંક્ષેપથી નવતત્ત્વ એ. (૪૯)

**मूल—जीवाइ-नवपयत्थे, जो जाणइ तस्स होइ सम्मत्तं ।**
**भावेण सद्दहंतो, अयाणमाणेऽवि सम्मत्तं ॥ ५१ ॥**

[ નવતત્ત્વના જ્ઞાનનું ફળ ]

જીવ આદિ પદાર્થ નવને, જેહ જાણે તેહને,
સમકિત હોય અજાણને પણ, ભાવશ્રદ્ધા ધારીને;

**मूल—सव्वाइं जिणेसर-भा,-सियाइ वयणाइं नन्नहा हुंति ।**
**इइ बुद्धि जस्स मणे, सम्मत्तं निच्चलं तस्स ॥ ५२ ॥**

[ ૬૮ સમ્યક્ત્વની છાપ ]

શ્રી જિનેશ્વરનાં સવિ વચનો જ, સત્ય જ હોય એ,
બુદ્ધિ જસ ચિત્તે જ જાણો, અચલ સમકિતવંત એ. (૫૦)

**मूल—अंतोमुहुत्तमित्तंपि, फासियं हुज्ज जेहिं सम्मत्तं ।**
**तेसिं अवड्डपुग्गल,-परियट्टो चेव संसारो ॥ ५३ ॥**

[ સમ્યક્ત્વ પ્રાપ્તિનું ફળ ]

અંતર્મુહૂર્ત જ માત્ર પણ, સમકિત સ્પર્શ્યું જે જીવે,
બાકી અર્ધપુદ્ગલ પરાવર્ત્ત ભવ તેને હવે;

**मूल—उस्सप्पिणी अणंता, पुग्गल-परिअट्टओ मुणेअव्वो ।**
**तेऽणंताऽतीअद्धा, अणागयद्धा अणंतगुणा ॥ ५४ ॥**

[ પુદ્ગલપરાવર્ત્ત કાળનું પ્રમાણ ]

છે અનંત ઉત્સર્પિણી,-અવસર્પિણી ના માનનો,
એક પુદ્ગલપરાવર્ત્તકાળ જ, જાણજો હે ભવિજનો. (૫૧)

તેવા અનંતપુદ્ગલપરાવર્ત્ત જ તણો ભૂતકાળ છે,
તેથી અનંત ગુણો અનાગત, કાળ શાસ્ત્રપ્રમાણ છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मूल—जिण अजिण तित्थऽतित्था, गिहि अन्न सलिङ्ग थी नरनपुंसा।
पत्तेय सयंबुद्धा, बुद्धबोहिय इक्कणिक्का य ॥ ५५ ॥

[ સિદ્ધજીવોના ૧૫ ભેદ ]

જિનસિદ્ધ ને વળી અજિન સિદ્ધ જ, તીર્થસિદ્ધ અતીર્થ ને,
ગૃહલિંગ ને અન્ય લિંગ સિદ્ધ, સ્વલિંગ સિદ્ધ જ જાણને. (૫૨)

સ્ત્રીલિંગ સિદ્ધ પુલ્લિંગ સિદ્ધ, અને નપુંસક સિદ્ધ ને,
પ્રત્યેકબુદ્ધ જ સિદ્ધ ને, જાણો સ્વયંબુદ્ધ સિદ્ધ ને;
બુદ્ધબોધિત એક સિદ્ધ, અને અનેક જ સિદ્ધ ને,
ભેદ પંદર સિદ્ધના એ, પ્રાગવસ્થા આશ્રીને. (૫૩)

मूल—जिणसिद्धा अरिहंता, अजिणसिद्धा य पुंडरिअ-पमुहा ।
गणहारि तित्थसिद्धा, अतित्थसिद्धा य मरुदेवा ॥ ५६ ॥
गिहिलिंगसिद्ध भरहो, वक्कलचीरी य अन्नलिंगम्मि ।
साहू सलिंगसिद्धा, थीसिद्धा चंदणा-पमुहा ॥ ५७ ॥
पुंसिद्धा गोयमाई, गांगेयाई नपुंसया सिद्धा ।
पत्तेय-सयंबुद्धा, भणिया करकंडु-कविलाई ॥ ५८ ॥
तह बुद्धबोहि गुरुबो,-हिया य इगसमये इगसिद्धा य ।
इगसमयेऽवि अणेगा, सिद्धा तेऽणेगसिद्धा य ॥ ५९ ॥

[ સિદ્ધના ૧૫ ભેદોનાં ૧૫ દૃષ્ટાન્તો ]

જિનસિદ્ધ તે અરિહંત ને, પુંડરીક આદિ જાણીએ,
અજિનસિદ્ધ તથા જ ગણધર, તીર્થસિદ્ધ જ માનીએ;
મરુદેવી આદિ અતીર્થસિદ્ધ જ, શાસ્ત્રથી દિલ ધારીએ,
ગૃહસ્થલિંગે સિદ્ધ ચક્રી, ભરત આદિ ભાવીએ. (૫૪)

અન્ય લિંગે સિદ્ધ વલ્કલચીરિ આદિ જાણવા,
સાધુવેષે સિદ્ધ સાધુ, સ્વલિંગ સિદ્ધ પિછાણવા;
સ્ત્રીલિંગ સિદ્ધ જ ચંદનાબાલા પ્રમુખા માનવા,
ગૌતમ વગેરે સિદ્ધ તે, પુલ્લિંગ સિદ્ધો ધારવા. (૫૫)

ગાંગેય આદિને નપુંસકલિંગ સિદ્ધ પિછાણીએ,
કરકંડુ સાધુ આદિ પ્રત્યેક, બુદ્ધ સિદ્ધ વખાણીએ;
સ્વયંબુદ્ધ સિદ્ધ કપિલ સાધુ, આદિ ચિત્તે આણીએ,
પ્રજ્ઞગુરુબોધિત સિદ્ધ જ, બુદ્ધબોધિત જાણીએ. (૫૬)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક સમયે એક જીવ જે, મોક્ષમાંહે જાય છે,
શ્રી વીરજિનની જેમ તેહ જ, એક સિદ્ધ મનાય છે;
એક સમયે પણું અનેક જ, સિદ્ધ જેઓ થાય છે,
ઋષભદેવ પ્રમુખ તેઓ, અનેક સિદ્ધ કહાય છે. (૫૭)

**मूल—जइआइ होइ पुच्छा, जिणाण मग्गम्मि उत्तरं तइआ ।**
**इक्कस्स निगोयस्स, अणंतभागो अ सिद्धिगओ ॥ ६० ॥**

[ આજ સુધીમાં જીવો કેટલા મોક્ષે ગયા ?
એ પ્રશ્નનો હંમેશને માટે એક જ જવાબ ]

અદ્યાવધિ જીવ કેટલા, મોક્ષે ગયા જિનશાસને ?
એ પ્રશ્ન પૂછે કોઇ જ્યારે, દેવ શ્રી જિનરાજને;
ઉત્તર મળે ત્યારે જ તેને, એહવો હે પ્રાણિયો !
અનંતમો વિભાગ એક, નિગોદનો મોક્ષે ગયો. (૫૮)

## ( પદ્યાનુવાદ કર્ત્તાની પ્રશસ્તિ )

[ મન્દાક્રાન્તા છંદ. ' ઓધાગાધ ' નો રાગ ]

[1]ભૂપાલોના મુકુટમણિથી કાન્ત[2] પાદાબ્જ જેના,
તીર્થોદ્ધારો વિવિધ જગમાં શોભતા ખ્યાત જેના;
સૂરીશોમાં મુકુટસમ તે **નેમિસૂરીશ**કેરા,
[3]પટ્ટાકાશે રવિસમ સદા દીપતા સૂરિહીરા. (૫૯)

વિદ્યાદાને સુરગુરુસમા **સૂરિલાવણ્ય**કેરા,
શિષ્યે **દક્ષે** તુરગ નિધિ ગો ચંદ્ર[4] વર્ષે અનેરા;
બાલાર્થે **વેજલપુર** રહીને અખાત્રીજ ઘસ્રે,[5]
કીધો છે આ સરલ **નવતત્ત્વાનુવાદ** પ્રતન્ત્રે.[6] (૬૦)

**॥ इति गूर्जरपद्यानुवादमयानि नवतत्त्वानि समाप्तानि ॥**

---

૧ રાજાઓના. ૨ કાંતિવાળા મનોહર ચરણરૂપ કમળ. ૩ પટ્ટરૂપ આકાશમાં. ૪ ૧૯૯૮ ની સાલમાં. ૫ અક્ષયતૃતીયા જેવા શુભ દિવસે. ૬ પ્રધાન સિદ્ધાન્તને અનુસારે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દુઃખી જગત.

લેખકઃ આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

અનિયમિત અને અનિશ્ચિત જીવનમાં જીવવાના બે વિભાગ પાડી શકાય : એક સુખી અને બીજું દુઃખી. સુખની ભાવના અને માન્યતાના અનેક પ્રકાર છે તેવી જ રીતે દુઃખની ભાવના અને માન્યતાના પણ અનેક પ્રકાર છે; જેથી કરીને સુખી જગત અનેક પ્રકારનું છે અને દુઃખી જગત પણ અનેક પ્રકારનું છે. સુખી જગત હમેશાં સુખી રહેતું નથી અને દુઃખી જગત હમેશાં દુઃખી રહેતું નથી. જન્મથી લઇને મરણ પર્યંતમાં અવારનવાર સુખદુઃખ આવે જ છે. ચોખ્ખા સુખમાં અને ચોખ્ખા દુઃખમાં કોઇ પણ સંસારી જીવ જીવતો નથી અર્થાત સુખમાં દુઃખનું મિશ્રણ રહેલું હોય છે અને દુઃખમાં સુખનું મિશ્રણ રહેલું હોય છે. કોઇને ધનનું સુખ હોય છે તો પુત્રનું દુઃખ હોય છે. કોઇને ધન અને પુત્રનું સુખ હોય તો શરીરનું દુઃખ હોય છે. કોઇ શારીરિક સુખી હોય તો ધનથી દુઃખી હોય છે. કોઇ ધનથી, પુત્રથી, શરીરથી સુખી હોય છે તો માનસિક દુઃખ હોય છે. સર્વ પ્રકારે સુખી અને સર્વ પ્રકારે દુઃખી એવા જીવનમાં કોઇ પણ જીવતું નથી. માનવી સુખે જીવવાના અનેક પ્રયાસ કરે છે, છતાં નિર્ણય કરી શકતા નથી કે કેવી રીતે સુખેથી જીવાય; કારણ કે સુખે જીવવાને સંસારે નિર્ણિત કરેલા સિદ્ધાંતને અનુસરીને પ્રયાસ કરનાર માનવી સફળતા મેળવવાની તૈયારીમાં હોય છે કે તરત જ સુખના સિદ્ધાંતનું પરિવર્ત્તન થઇ જાય છે; જેથી કરીને માનવીને સુખ માટે ફરીને પ્રયાસ કરવો પડે છે. આવી રીતે સંસારી જીવો સુખના સિદ્ધાંતોને બદલતા રહેવાથી માનવી સુખેથી જીવવાને કેવી રીતે નિર્ણય કરી શકે? કારણ કે એક વખત જે પ્રયાસ, પ્રવૃત્તિ અને પ્રાપ્તિમાં સુખ મનાતું હોય તેમાં જ કાળાંતરે દુઃખ માનવામાં આવે છે અને જેમાં દુઃખ મનાતું હોય તેમાં જ કાળાંતરે સુખ મનાય છે, માટે જ માનવી સુખદુઃખનો નિર્ણય ન કરી શકવાથી અનિયમિત વ્યવસ્થાશૂન્ય જીવનમાં જીવે છે. જેમણે પોતાના જીવનની વ્યવસ્થા કરી રાખેલી હોય છે તેમને પણ વખત જતાં વ્યવસ્થા ફેરવવી પડે છે. આપણે નજરે જોઇ શકીએ છીએ કે સુખનું સાધન ધન ઉપાર્જન કરવાને કોઇ એક ધંધાની વ્યવસ્થા કરી રાખી હોય તો તે ધંધામાં ન ફાવતાં વખત જતાં એ વ્યવસ્થાને ફેરવવી પડે છે અથવા તો વિશેષ ધનની ઇચ્છાથી બીજા ધંધાઓ કરીને પણ વ્યવસ્થા ફેરવે છે. આવી રીતે માનવીઓ પોતાના આખા યે જીવનમાં એકસરખી જીવન-વ્યવસ્થા રાખી શકતા નથી, જેથી કરીને મિશ્ર જીવનમાં જીવે છે. જો કે સુખમાં દુઃખ અને દુઃખમાં સુખ મિશ્રિત રહેલું હોય છે, છતાં જીવો દુઃખે જ જીવે છે; કારણકે થોડુંક પણ દુઃખ ઘણા સુખને દુઃખમય બનાવે છે. માનવીને કેટલાક દુઃખના પ્રસંગો જેવા કે : નવ મહિના ગર્ભમાં રહેવું, જન્મવું, મરવું, ઇષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગ વગેરે વગેરે નિર્ણિત કરેલા હોય છે. તેવી રીતે સુખનો કોઈ પણ પ્રસંગ નિર્ણિત નથી. માનવીના જીવનની શરુઆત દુઃખથી થાય છે અને અંત પણ દુઃખથી જ આવે છે. જો જીવનનો આદિ-અંત દુઃખસ્વરૂપ છે, તો પછી મધ્યમાં સુખ કેવી રીતે હોઈ શકે? કારણ કે કારણ અનુસાર કાર્ય થાય છે. ગર્ભથી લઈ જન્મપર્યંત જીવનનું કારણ કહેવાય છે અને તે કારણ દુઃખસ્વરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવાથી તેના કાર્યરૂપ જીવનમાં સુખ માનવું તે એક ભ્રમણા છે અને જો તેને સુખ માનવામાં આવે તો પછી તેના કાર્યરૂપ મૃત્યુ પણ સુખ સ્વરૂપ હોવું જોઇએ; પણ તે દુઃખ સ્વરૂપ જોવામાં આવે છે. માટે જીવનનો કોઇ પણ એવો પ્રદેશ નથી કે જેમાં દુઃખ ન હોય.

ઇંદ્રિયોના સારાનરસા વિષયોની અસર થવાથી રાગદ્વેષના તીવ્ર પરિણામ થવા અને સંયોગવિયોગની ઇચ્છાઓ થવી તે સુખ નથી પણ દુઃખ જ છે. જ્યાં સુધી વિકૃતિરૂપ સ્ફુરણાઓ થયા કરે છે ત્યાં સુધી પોતાને સુખી સમજી સંતોષ ધારણ કરનાર માનવી મોટી ભૂલ કરે છે; કારણ કે વિકૃતિ માત્ર દુઃખ જ છે. જીવનમાં કોઇ પણ ક્ષણ વિકૃતિથી ખાલી નથી; કારણ કે પ્રત્યેક સમયમાં મોહનીયકર્મના વિકારરૂપ ઉદય બન્યો જ રહે છે. મોહનીયના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ સિવાય પ્રકૃતિસ્વરૂપ સુખ પ્રાપ્ત થઇ શકતું નથી, કે જેને સાચું સુખ કહેવામાં આવે છે. માનવીએ માનેલા સુખને જો તપાસીએ તો તે વિકૃતિ જ જણાય છે અને તે વિકૃતિ કર્મના ઉદયથી પૌદ્ગલિક વસ્તુના વિકારોના સંસર્ગથી ઉત્પન્ન થયેલી હોય છે અર્થાત્ એ વિકૃતિનું કારણ પૌદ્ગલિક વસ્તુના વિકારો છે. વિકૃતિ એટલે વસ્તુનું એક સ્વરૂપે ન રહેતાં ક્ષણે ક્ષણે પરિવર્તન થવું. આવા પરિવર્તનશીલ વિકૃતિ સ્વરૂપ સુખને ક્ષણિક, અસ્થિર અને અવાસ્તવિક કહેવામાં આવે છે. પ્રકૃતિસ્વરૂપ સુખ આવું હોતું નથી. તે શાશ્વતું, સ્થિર અને સાચું હોય છે. આવા સુખને મેળવનાર જ સાચો સુખી કહી શકાય. બાકી તો બધાં યે દુઃખને જ સુખ માની રહ્યાં છે. વાસ્તવિક રીતે જો સુખ દુઃખને તપાસીયે તો આત્માની પ્રકૃતિ તે સુખ છે અને જડના સંસર્ગથી થવાવાળી વિકૃતિ માત્ર દુઃખ છે; છતાં માનવી કેટલીક વિકૃતિમાં સુખનો આરોપ કરે છે અને કેટલીક વિકૃતિમાં દુઃખનો આરોપ કરે છે, માટે જ આ સુખદુઃખ સાચાં નથી પણ ભ્રમણા માત્ર છે અને તે માનવીની મિથ્યા કલ્પનાનું ફળ છે.

સુખને ઓળખી સુખે જીવી જાણનાર સ્વર્ગ અને મોક્ષનો અધિકારી બની શકે છે, પણ તે સાચું સુખ ઓળખાવું બહુ જ કઠણ છે. જીવો વિકૃતિમાં જ સુખ માનવાને ટેવાઇ ગયા છે. તેઓ પ્રકૃતિસ્વરૂપ સુખને સમજી શકતા નથી; જેથી કરી તેમનું જીવન સુખમય બની શકતું નથી. ભલે, તેઓ પોતાને સુખી માને પણ તે તેમની એક અજ્ઞાનતા છે. કોઇ માનવી માને છે કે અમે સંસારમાં સુખી છીએ પણ તે મિથ્યાભિમાન સિવાય બીજું કશું હોતું નથી. સંસારમાં માનવી માત્ર જો એકસરખી સ્થિતિવાળા હોય તો કોઇ પણ એમ ન કહી શકે કે હું સુખી છું. લાખવાળો હજારવાળાને જોઇને સુખીપણાનું અભિમાન ધરાવે છે અને ક્રોડવાળો લાખવાળાને જોઇને પોતાને સુખી માને છે. આવી રીતે વધારે ને વધારે સમૃદ્ધિવાળા પોતાનાથી ઓછી સમૃદ્ધિવાળાઓને જોઇને સુખીપણાનું મિથ્યાભિમાન ધરાવે છે. તેમજ નિરોગી હોય તે રોગીને જોઇને, રૂપવાન હોય તે કુરૂપવાળાને જોઇને, બળવાન હોય તે નિર્બળને જોઇને, વિદ્વાન હોય તે મૂર્ખને જોઇને, તેવી જ રીતે બીજી બાબતોમાં પણ પોતાનાથી ઓછી વસ્તુવાળાને જોઇને સંસારમાં સુખી માનવાની પ્રથા ચાલી આવે છે અથવા તો બીજી રીતે પણ જીવો પોતાને સુખી માનતા દેખાય છે. જેમકે : લાખવાળાને જોઇને હજારવાળો પોતાને એમ સમજીને સુખી માને છે કે આ પરમ ઉપાધિવાળો છે માટે દુઃખી છે, પણ તે પોતાના મનને સમજાવવા પૂરતું છે; કારણ કે તેને પોતાને લાખ મેળવવાની ઇચ્છા છે પણ તે પૂરી ન થવાથી પોતાને સુખી માને છે. જો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સંતોષવૃત્તિથી પોતાને સુખી માનતો હોય અને લાખ મેળવવાનો પ્રયાસ ન કરતો હોય તો કંઇક અંશે લાખવાળા કરતાં સુખી કહેવાય ખરો, નહિ તો વધારે સંપત્તિવાળાઓને જોઇને ઓછી સંપત્તિવાળાઓને પોતાને દુઃખી માનવાની પ્રથા સંસારમાં જોવામાં આવે છે. સાંસારિક જીવોએ કલ્પેલાં સુખદુઃખ આને જ કહેવામાં આવે છે કે જે ઉપર કહ્યા પ્રમાણે વિકૃતિસ્વરૂપ છે. હું સુખી છું એવું મિથ્યાભિમાનરૂપ વિકૃતિ તે સુખ અને હું દુઃખી છું એવું દિલગીરી અને શોકરૂપ વિકૃતિ તે દુઃખ કહેવાય છે. આ સિવાય સંસારીઓના જીવનમાં પ્રકૃતિસ્વરૂપ સુખ તો જણાતું નથી.

જ્યાં સુધી જીવ કષાય અને વિષયને આશ્રિત હોય છે ત્યાં સુધી તે સુખી થઇ શકતો નથી, કારણ કે કષાય અને વિષય બન્ને પરવસ્તુ છે અને તેનો સુખને માટે ઉપયોગ કરે છે, છતાં દુઃખી થાય છે. જીવમાત્રની પ્રવૃત્તિ સુખને માટે હોય છે. જો તેને એમ જણાય કે અમુક પ્રવૃત્તિ કરવાથી દુઃખ થશે તો તે દિશામાં એક પગલું પણ ભરતો નથી; પરંતુ તે સુખને ન ઓળખવાથી પરિણામે દુઃખ મેળવે છે. સુખને માટે ક્રોધ, માન, માયા, લોભની જરૂર નથી તેમજ રાગદ્વેષની પણ જરૂર નથી; છતાં સંસારમાં જીવો સુખી થવા એને સાથે રાખીને પોતાની પ્રવૃત્તિ કરે છે. જડ તથા જડના વિકારો જે વિષય કહેવાય છે તે જીવને માટે હેય હોઇ શકે પણ ઉપાદેય નથી, છતાં જીવ ઉપાદેય માને છે; એટલા માટે જ તેને કષાયો કરવા પડે છે. જો ઉપાદેયપણાની ઉપેક્ષા કરવામાં આવે તો પછી રાગદ્વેષ કરવાની જરૂર રહેતી નથી, કે જે રાગદ્વેષ એક દુઃખનું મૂળ કહેવાય છે. હેયને ઉપાદેય માનવું તે એક મિથ્યાજ્ઞાન કહેવાય છે. આ અજ્ઞાન જ્યાં સુધી હોય છે ત્યાં સુધી જીવ સાચા સુખને સમજી તેને મેળવી શકતો નથી. દેહાદિ જડ વસ્તુઓને આશ્રયીને જીવને મિથ્યાભિમાન થાય છે કે જેને લઇને ક્રોધ કરવો પડે છે. જેમાં અંશ માત્ર પણ સુખ હોતું નથી. કારણ કે આ બન્ને દ્વેષસ્વરૂપ છે, કે જે એક દુઃખનું નામાંતર છે. ગમતી વસ્તુને વધુને વધુ મેળવવા આકાંક્ષા રાખવી તે લોભ કહેવાય છે અને વધુ વસ્તુ મેળવવાની આકાંક્ષા પૂરી કરવા માયા કરવામાં આવે છે. આ બન્ને રાગનાં અંગ છે. તે સુખની પ્રાપ્તિ કરાવી શકતા નથી.

સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર મેળવવા માટે કષાયની જરા યે જરૂર નથી. શાંતિ, સુખ, આનંદ મેળવવા માટે જડના વિકારરૂપ વિષયોની જરૂર નથી. જીવો દેહ તથા તેની સાથે સંબંધ ધરાવનાર બીજા જડ પદાર્થો માટે કષાય કરે છે અને વિષયનો ઉપભોગ પણ દેહના માટે કરે છે અને તે એક જ જીવન માટે કરવામાં આવે છે. ભાવી જીવનમાં જીવને તેનાં માઠાં ફળ સિવાય બીજું કશું યે મળતું નથી. દેહને આશ્રયીને કરવામાં આવતી દરેક પ્રવૃત્તિનું પરિણામ માઠું જ હોય છે અને તે જીવને ભાવી અનેક જીવનમાં ભોગવવું પડે છે. જે જીવનમાં કષાયો કરવામાં આવે છે તે જીવનમાં પણ તે દુઃખ આપનારા હોય છે. આત્માને આશ્રયીને કરવામાં આવતી દરેક પ્રવૃત્તિ જીવોને લાભદાયી નિવડે છે. સમજીને સાચી રીતે કરવામાં આવતી પ્રવૃત્તિ આત્માનો વિકાસ સાધી શકે છે અને સમજ્યા વગરની પ્રવૃત્તિ જીવને પુણ્યબંધનું કારણ થવાથી ભાવી જીવનમાં પૌદ્ગલિક સુખ આપનારી થાય છે; છતાં તે પ્રવૃત્તિથી તત્ત્વદૃષ્ટિથી જોતાં દુઃખ જ થાય છે, પણ સંસારી જીવોએ તેને સુખ માનેલું હોવાથી જીવ પોતે પણ સુખ માને છે. દેહ તથા આત્માની ભિન્નતા સાચી રીતે સમજ્યા વગર પોતાના કલ્યાણ માટે ધાર્મિક પ્રવૃત્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનારાઓ કષાયોનો ઉપયોગ કરે છે; પરંતુ આત્માને દેહથી ભિન્ન માનનાર માનવીઓની પ્રવૃત્તિમાં કષાયને અવકાશ મળતો નથી અર્થાત્ દેહને પોતાનું સ્વરૂપ માનનારની ધાર્મિક પ્રવૃત્તિ કષાયગર્ભિત હોય છે અને દેહને ભિન્ન માનનારની પ્રવૃત્તિ કષાયથી મુક્ત હોય છે. કષાયો વિકાસના બાધક છે પણ પુન્યના બાધક નથી. કષાયોથી સાચું સુખ મળતું નથી પણ પૌદ્ગલિક સુખ મળી શકે છે, એટલે કે કષાય સહિતની ધાર્મિક પ્રવૃત્તિ પૌદ્ગલિક સુખ આપી શકે છે. કેવળ દેહને આશ્રયીને કષાય સહિતની પ્રવૃત્તિ તો એકાંતે દુઃખ જ આપે છે માટે જ આત્મિક ગુણો મેળવવામાં કષાયોની જરા યે જરૂર નથી. અનુકૂળ વિષયોથી જીવો એક જ જીવનમાં પૌદ્ગલિક સુખ મેળવે છે. તે પણ ઇંદ્રિયોની સાથે વિષયોનો સંસર્ગ રહે ત્યાં સુધી જ હોય છે. તે વિયોગ થવાથી નષ્ટ થઇ જાય છે માટે તે સુખ નથી હોતું, પણ વિષયોનો સંસર્ગ થતાં દુઃખમાં કાલ્પનિક સુખનો આરોપ કરવામાં આવે છે અને તે વિષયોના વિયોગ થતાંની સાથે ઊડી જવાથી દુઃખ જ અનુભવે છે અને એટલા જ માટે અનુકૂળ વિષયોના સંસર્ગથી થવાવાળી વિકૃતિમાં સુખ માને છે અને પ્રતિકૂળ વિષયોના સંસર્ગથી થવાવાળી વિકૃતિમાં દુઃખ માને છે અથવા તો અનુકૂળ વિષયોના વિયોગથી થવાવાળાં ક્લેશ, ઉદ્વેગ, દીનતા આદિ વિકૃતિને દુઃખ માને છે અને અનુકૂળ વિષયોના સંસર્ગથી થવાવાળા હર્ષ, આનંદ આદિ વિકૃતિને સુખ માને છે. દુઃખ કાયમ રહેવાવાળું હોય છે અને સુખ થોડો કાળ રહીને નષ્ટ થવાવાળું હોય છે. જે વખતે સુખ હોય છે તે વખતે પણ દુઃખ તો હોય જ છે પણ તે સુખ નીચે દબાઇ રહેલું હોય છે. આવી રીતે દુઃખની નીચે સુખ દબાઇને રહેલું હોતું નથી અર્થાત્ સુખ એ પણ એક દુઃખની જ અવસ્થા છે. સંસારમાં જેટલા પ્રકારનાં સુખ કહેવાય છે તે બધાં યે દુઃખના જ રૂપાંતર છે. સંસારમાં પોતાને સુખી માનનારાઓ બે પ્રકારના હોય છે: એક ઉપકાર કરીને સુખ માને છે જ્યારે બીજો અપકાર કરીને સુખ માને છે, અર્થાત્ એક રાગથી સુખ માને છે અને એક દ્વેષથી સુખ માને છે. કેટલાક જીવો કોઈ પણ પ્રકારની પોતાને મળેલી સંપત્તિના મદમાં આવી જઇને બીજાના ઉપર પોતાની સત્તા અજમાવી સ્વામી બનવા જતાં અથવા પોતાના વિચારો પ્રમાણે અનુકૂળ બનાવવા જતાં ફાવટ ન આવવાથી બીજા ઉપર દ્વેષબુદ્ધિ ધારણ કરી તેનું અનિષ્ટ કરવા હમેશાં ચિંતાવાળો રહે છે અને અનેક પ્રકારના પ્રયાસો કરે છે. કોઈક પ્રસંગે પ્રયાસમાં સફળતા મેળવીને બીજાનું અનિષ્ટ કરીને પોતાને સુખી માને છે; તેમજ પોતાના વર્તન, વિચાર અને કથનમાં વિરોધ કરનારને પોતાનું અપમાન કરનાર સમજીને તેના ઉપર દ્વેષ ધારણ કરે છે અને ફાવટ આવે ત્યારે તેના ઉપર અપકાર કરીને પોતે બહુ રાજી થઇને પોતાને બહુ સુખી માને છે. ત્યારે કેટલાક જીવો પ્રાણીમાત્રને પોતાના મિત્ર સમજે છે અને ગમે તેટલું પોતાનું અનિષ્ટ કરીને અપરાધ કરવા છતાં પણ ક્ષમા આપી, તેમના ઉપર ઉપકાર કરી પોતાને સુખી માને છે. કેટલાક મનગમતી વસ્તુઓ ઉપર રાગ કરીને, તેને મેળવીને, પોતાને સુખી માને છે ત્યારે કેટલાક અણગમતી વસ્તુઓ ઉપર દ્વેષ હોવાથી તેને નષ્ટ કરી પોતાને સુખી માને છે. આવી રીતે સંસારમાં પોતાને સુખી માનનારના અનેક પ્રકારો જોવામાં આવે છે; છતાં પરિણામે દુઃખના સ્વરૂપમાં દેખાય છે અર્થાત્ તેઓ સાચા સુખથી તો વેગળા જ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધસ્તોત્ર

રચનાર અને વિવેચક :

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા એમ. બી. બી. એસ.

( ગતાંક પૃષ્ઠ ૧૦૦ થી શરુ )

હવે ઉપરોક્ત ' સુસ્થિત ' મહારાજની કૃપાદૃષ્ટિનો પ્રભાવ બતાવે છેઃ—

**વસંતતિલકા—**

**જે ભૂપની પડૌ કૃપામય દૃષ્ટિ વૃષ્ટિ, તો કર્મવિવરથી ભવ્ય લહે સુદૃષ્ટિ;**
**વાત્સલ્ય સર્વ ભૂતમાં નિત જેહ ધારે, તે સિદ્ધના ચરણ હો શરણ અમારે ! ૯**

**શબ્દાર્થઃ**—જે સુસ્થિત મહારાજની કૃપાદૃષ્ટિ-વૃષ્ટિ પડે, તો કર્મવિવરવડે કરીને ભવ્ય સુદૃષ્ટિ-સમ્યગ્દૃષ્ટિ પામે છે; અને જે સર્વભૂત માત્ર પ્રત્યે સદાય વાત્સલ્યભાવ ધારે છે, તે સિદ્ધના ચરણ અમને શરણરૂપ હો !

**વિવેચન—**

શ્રી **સુસ્થિત** ભગવંતની જેના પર કૃપાદૃષ્ટિ પડે છે, તે જીવનું કામ થઈ જાય છે. તથા-ભવ્યતાને લઈ જીવ જ્યારે તથારૂપ યોગ્યતા-પાત્રતા પામે છે, ત્યારે ભગવંતની તેના પર સહજ જ કૃપાદૃષ્ટિ પડી એમ કહેવાય છે. ભગવંતની કરુણા તો સર્વ જીવ પ્રત્યે સરખી છે, પણ જે અવિરાધક ને આરાધક યોગ્ય જીવ હોય છે, તેને તે ફળે છે. ઉત્તમ તાત્ત્વિક ભક્તિ લલકારનારા શ્રીમાન્ **દેવચંદ્રજી** પ્રકાશે છે—

" તુજ કરુણા સહુ ઉપરે રે, સરખી છે મહારાય !
પણ અવિરાધક જીવને રે, કારણ સફળો થાય. "

આવી કૃપાદૃષ્ટિ જ્યારે પડે છે, ત્યારે કર્મબંધ ઢીલા પડે છે-શિથિલ થાય છે, વિવર-અવકાશ-માર્ગ આપે છે.

" ભમતો પહોંચ્યો રંક તે, તેના મંદિરદ્વાર;
સ્વકર્મવિવર નામ ત્યાં, દ્વારપાલ રહેનાર.
કરુણાપાત્ર તે રંક, દેખી તે દ્વારપાલકે;
કૃપા કરી પ્રવેશાવ્યો, અપૂર્વ રાજમંદિરે. "

**—શ્રી ઉ. ભ. પ્ર. કથા, પ્ર. ૧, ડૉ. ભગવાનદાસકૃત અનુવાદ.**

અને કર્મવિવર ઊપજતાં ગ્રંથિનો ભેદ થાય છે. ' જીવનો કર્મજનિત ગાઢ રાગ-દ્વેષ પરિણામ જે કર્કશ-ઘન-રૂઢ ને ગૂઢ ગાંઠ જેવો અત્યંત દુર્ભેદ્ય હોઇ, ગ્રંથિ કહેવાય છે, ' તે અત્ર ભેદાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એહવા દેખાડે જી;
વિકટ ગ્રંથ જે પોલિ પોલિયો, કર્મવિવર ઉઘાડે જી."

**—શ્રી યશોવિજયજીકૃત ચોવીશી.**

આમ ગ્રંથિભેદ થતાં સમ્યગ્દૃષ્ટિ-સમ્યગ્દર્શનરૂપ ચક્ષુ ઊઘડે છે. સત્શ્રદ્ધાસંયુક્ત બોધ જે દૃષ્ટિ કહેવાય છે, તેનું અત્ર ઉન્મીલન થાય છે; જેથી પશુરૂપ અબૂઝપણું છોડી, જીવ દેવસ્વરૂપ બને છે.

**"सच्छ्रद्धासंगतो बोधो दृष्टिरित्यभिधीयते ।
असत्प्रवृत्तिव्याघातात्सत्प्रवृत्तिपदावहः ॥"**

**—શ્રી. હરિભદ્રાચાર્યજીપ્રણીત યોગદૃષ્ટિ સમુચ્ચય.**

"તે ગુણ વીરતણો ન વિસારું, સંભારું દિનરાત રે;
પશુ ટાળી સુરરૂપ કરે જે, સમકિતને અવદાત રે."

**—શ્રી યશોવિજયજીકૃત યોગદૃષ્ટિ સજ્ઝાય.**

અને આ સમ્યગ્દૃષ્ટિ ઊઘડતાં, તેને અનુગત સમસ્ત કલ્યાણ પરંપરા પ્રાપ્ત થાય છે. આમ પરમાત્માની કૃપાદૃષ્ટિથી ઉત્તરોત્તર શ્રેયઃ સંપત્તિનું વર્ધમાનપણું થયા કરે છે.

આવા જે સર્વ સત્ત્વ પ્રત્યે નિરંતર વાત્સલ્યવંત છે, તે સિદ્ધના ચરણનું અમને શરણ હો!

હવે આટલે બધે દૂર લોકાગ્રે વસતાં છતાં, પ્રભુ ભક્તને નિકટ-હૃદયવર્તી વર્તે છે, એ સૂચવે છે—

**જે સાત રાજ અળગા વસતાં છતાં યે, ભક્તોતણા હૃદયમાં વળગ્યા સદા યે;
ને કર્મદ્રવ્ય ભર તેહ તણા ઉતારે, તે સિદ્ધના ચરણ હો શરણું અમારે! ૧૦**

**શબ્દાર્થ :**—જે સાત રાજલોક જેટલા અળગા રહ્યા છે, છતાં ભક્તોના હૃદયમાં સદા વસે છે, અને તેના કર્મ-દ્રવ્યતણો ભાર ઉતારી લ્યે છે-હરી લ્યે છે, તે સિદ્ધના ચરણ અમને શરણરૂપ હો!

**વિવેચન—**

પ્રભુ સાત રાજલોક જેટલે દૂર વસે છે, છતાં ભક્તજનના હૃદયમાં સદા ય હાજરાહજૂર વર્ત્તે છે, એ આશ્ચર્યકારી છે. અળગા છતાં વળગ્યા રહેવું એ ઘણી દુર્ઘટ ઘટના છે. તથાપિ ભક્તિને અસાધ્ય એવું કંઇ પણ નથી, દેશ-કાળ આદિના પ્રતિબંધ કે વ્યવધાન તેને નડતા નથી.

"સાત રાજ અલગા જઇ બેઠા, પણ ભકતે અમ મનમાં પેઠા;
અલગાને વળગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું.
અમે પણ તુમ શું કામણ કરશું, ભકતે ગ્રહી મન ઘરમાં ધરશું,
મનઘરમાં ધરિયા ઘરશોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા."

**—શ્રીમાન્ યશોવિજયજી.**

સાચા ભક્તને પ્રભુપ્રીતિની યથાર્થ રીતિનું ભાન હોય છે. અનંત કાળની પરવસ્તુ સાથેની પ્રીતિ જે તોડે, તે પ્રભુની સાથે પ્રીતિ જોડે એવો તેને નિશ્ચય હોઇ, તેનું તે પ્રમાણે વર્ત્તન હોય છે. એટલે ગમે તેટલે દૂર હોવા છતાં, તે પ્રભુ સાથે એકતાનતા સાધી શકે છે-તન્મયતા કરી શકે છે; માટે પ્રભુ તેના હૃદયવર્તી વર્ત્તે છે એ કહ્યું તે યથાર્થ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" પ્રીતિ અનંતી પર થકી, જે તોડે તે જોડે એહ;
પરમ પુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણગેહ. "
" પુદ્ગલ અનુભવ ત્યાગથી, જસુ કરવી પરતીત હો. "

**—મુનિવર્ય શ્રી દેવચંદ્રજી.**

અને ભક્તના હૃદયમાં વર્તતાં પ્રભુ તેનો કર્મરૂપ દ્રવ્યનો ભાર ચોરી જાય છે! આશ્ચર્ય તો જુઓ! ભકતે બિચારાએ આદરથી ભગવાનને મનોમંદિરમાં બેસાડ્યા, તો ભગવાને તેના જ કર્મ-દ્રવ્યની ચોરી કરવા માંડી!

**" अन्तः सदैव जिन यस्य विभाव्यसे त्वं,**
**भव्यैः कथं तदपि नाशयसे शरीरम् । "**

**—શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર.**

અથવા તો કર્મનો ભારે બોજો જે આ જીવ વેઠિયા બળદની માફક અનાદિથી ઉપાડી રહ્યો છે, તેનો ભાર ઉતારી નાંખી ભગવાન્ હળવો કરે છે, એ તેનો પરમ ઉપકાર ગણવો જોઇએ.

ભગવાન તો વાસ્તવિક રીતે કંઇ પણ કરતા નથી, તેને આ વિચિત્ર જગત સાથે કંઇ પણ લેવા-દેવા નથી; પરંતુ જીવને ભાવોત્પત્તિમાં તે નિમિત્ત-કારણ હોઇ, તેમાં કર્તાપણાનો અભેદ આરોપ કરવામાં આવે છે, તેની અપેક્ષાએ આ કથન છે. પ્રભુ નથી કાંઇ દેતા કે નથી કાંઇ લેતા, પણ તેના આશ્રિત ભક્તજનો તત્સમાન થઇ જાય છે; કારણ કે જિનપદ ને નિજપદની એકતા છે તેનું ભક્તજનને યથાર્થ ભાન થાય છે,-અજકુલગત સિંહને જેમ સિંહને જોતાં પોતાના સ્વરૂપનું ભાન થાય છે તેમ.

" જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઇ. "

**—મહાતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી.**

" જિનવર પૂજા રે તે નિજ પૂજના રે. "
" આપ અકર્તા સેવાથી હુવે રે, સેવક પૂરણ સિદ્ધિ;
નિજ ધન ન દિયે પણ આશ્રિત લહે રે, અક્ષય અક્ષર રિદ્ધિ. "

**—શ્રી દેવચંદ્રજી**

**" नात्यद्भुतं भुवनभूषण भूतनाथ, भूतैर्गुणैर्भुवि भवंतमभिष्टुवन्तः ।**
**तुल्या भवंति भवतो ननु तेन किं वा, भूत्याश्रितं य इह नात्मसमं करोति ॥ "**

**—શ્રી ભક્તામર સ્તોત્ર.**

આમ નિજપદની પ્રાપ્તિમાં પરમ કારણભૂત, પરમ ઉપકારી એવા શ્રી સિદ્ધ ભગવાનના ચરણનું અમને શરણ હો! ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એકાદશ અધ્યાત્મ ગુણશ્રેણિ...............

( Eleven Stages of Spiritual Progress )

લેખક : **રા. રા. જીવરાજભાઈ ઓધવજી દોશી.** બી. એ. એલએલ. બી.

જૈન શાસ્ત્રમાં ચૌદ ગુણસ્થાન બતાવ્યા છે, તેને અનુસરીને અગિયાર અધ્યાત્મગુણશ્રેણિ બતાવેલ છે. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય મહારાજ અધ્યાત્મસારના પ્રથમ પ્રબંધમાં અધ્યાત્મનું માહાત્મ્ય બતાવે છે. તેમાં ૨૯ મા શ્લોકમાં અધ્યાત્મનું સ્વરૂપ બતાવે છે અને ૩૧-૩૨-૩૩ શ્લોકમાં ઉત્તરોત્તર વૃદ્ધિ પામતાં આત્માના ગુણોની પરંપરા-શ્રેણિનું દિગ્દર્શન કરાવે છે. ૨૯ મા શ્લોકમાં ઉપાધ્યાયજી મહારાજ બતાવે છે કેઃ—

**गतमोहाधिकाराणामात्मानमधिकृत्य या ।**
**प्रवर्तते क्रिया शुद्धा तदध्यात्मं जगुर्जिनाः ॥**

જેના ઉપર મોહનું સામર્થ્ય મંદ થયું છે એવા ભવ્ય પુરુષોની આત્માને અનુલક્ષીને જે શુદ્ધ ક્રિયા પ્રવર્તે છે તેને જિનેશ્વરો અધ્યાત્મ કહે છે. વેદાન્ત જેવા દર્શનની જેમ જ્ઞાનથી મુક્તિ મળે છે એવું તીર્થંકરો પ્રતિપાદન કરતા નથી, તેમ મીમાંસકોની જેમ ફક્ત ક્રિયા અનુષ્ઠાનથી મુક્તિ મળે છે એમ પણ કહેતા નથી; પણ મુક્તિ માટે જ્ઞાન અને ક્રિયા, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રના દ્વંદ્વની અનિવાર્ય આવશ્યકતા પ્રતિપાદન કરે છે. ૩૬ મા શ્લોકમાં ઉપાધ્યાયજી મહારાજ સમર્થન કરે છે કે—

**ज्ञानं शुद्धं क्रिया शुद्धेत्यंशौ द्वाविह सङ्गतौ ।**
**चक्रे महारथस्येव पक्षाविव पतत्रिणः ॥**

મહારથના બન્ને ચક્રો અને પક્ષીની બન્ને પાંખોની જેમ આધ્યાત્મિક ગુણની વૃદ્ધિમાં શુદ્ધ જ્ઞાન અને શુદ્ધક્રિયારૂપી બંને અંશો એકાત્મ ભાવે વર્તે છે. અધ્યાત્મ માટે જ્ઞાન અને ક્રિયાની આવશ્યકતા બતાવ્યા પછી ઉપાધ્યાયજી મહારાજ અધ્યાત્મવૃદ્ધિનો ક્રમ બતાવે છે. ૩૨ મા શ્લોકમાં એક પુરુષમાં અધ્યાત્મજાગૃતિ ( spiritual awakening ) થયેલી કેવા ચિહ્નોથી જણાય તેનું વર્ણન કરે છે. તેવા અધ્યાત્મની જાગૃતિ થનાર પુરુષને ધર્મ શું છે તે જાણવાની ઇચ્છા થાય છે. ધર્મ જાણવાને સાધુપુરુષનો સંગ કરવાની તેને તીવ્ર ઇચ્છા થાય છે. ધર્મની ક્રિયા કરવાની તેને રુચિ થાય છે.

આધ્યાત્મિક માર્ગ ઉપર ચડવાનું આ પહેલું પગલું છે, પણ અધ્યાત્મમાર્ગમાં પ્રવેશ કરવો એ સહેલી વાત નથી. જડ જગત અને ચૈતન્ય જગત નિરાળાં છે. જડ જગતમાં પ્રકૃતિના નિયમો સામ્રાજ્ય ભોગવે છે. તે જગતમાં સ્વતંત્રતાને કે વ્યક્તિત્વ( freedom & personality )ને સ્થાન નથી. નીતિના નિયમો કે પુરુષાર્થને કાંઇ અવકાશ નથી. કાર્ય-કારણના અટલ નિયમથી દરેક જડ વસ્તુ બંધાયેલ છે, જ્યારે ચૈતન્ય જગતમાં ધર્મ અને નીતિના નિયમો સામ્રાજ્ય ભોગવે છે. જડકર્મથી એક રીતે બંધાયેલ છતાં માણસમાં એવી આત્મિક શક્તિ છે કે જે શક્તિથી જડ જગતના નિયમોનું પરાવર્તન કરી શકે છે, કર્મપ્રકૃતિનો સ્થિતિઘાત રસઘાત વગેરે કરવાના જે નિયમો કર્મગ્રંથમાં બતાવ્યા છે તે ચૈતન્ય જગતના આત્માના ગુણોને અનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લક્ષીને છે. માણસ જડ અને ચૈતન્ય જગતની મધ્યમાં મધ્યબિંદુ તરીકે આવેલો છે. તેનું શરીર, ઇંદ્રિયો, મન જડ પુદ્દગલમાંથી સર્જાયેલા છે. તેની આજુબાજુ જડ જગત છે. જન્મ અને મરણ વખતે પણ જડ–કાર્મણ શરીર તેને છોડતું નથી. એટલે એક બાજુ માણસ જડ જગત સાથે ઓતપ્રોત થયેલ છે. પણ માણસમાં એકલી જડતા–પૌદ્દગલિકતા નથી, તેનામાં સુખદુઃખની લાગણી છે, સાચું ખોટું વિચારવાનું જ્ઞાન છે. પોતાની પૌદ્દગલિક સ્થિતિથી તેને સંતોષ નથી, ઉન્નત થવાની ભાવના છે, સૌંદર્યમાં તેને આનંદ આવે છે, મલિનતામાં તેને ઘૃણા થાય છે, બીજાને દુઃખી જોઇ દુઃખ થાય છે, બીજાને સુખી કરવાની અને બીજાના સુખ માટે આત્મભોગ આપવાની માણસમાં ઉર્મિ છે; આ બધા જડ જગતના ગુણો નથી, પણ આધ્યાત્મિક ગુણો છે. એટલે એક વખત અધ્યાત્મદશા જાગૃત થયા પછી તે માર્ગમાં આગળ વધવા માણસ પ્રયત્ન કરે છે.

અધ્યાત્મમાર્ગમાં પ્રવેશ કરતાં તેને અનેક પ્રકારના અંતરાયો અને વિઘ્નોનો સામનો કરવો પડે છે. અંતરાયો બે પ્રકારના હોય છે: જડ–પૌદ્દગલિક જગતના અને અંતરના ભાવોના. સંસારી જીવ બહારની વસ્તુઓને પોતાની–આત્માની ગણે છે. ઘરબાર, કુટુંબકબિલો, ધનધાન્ય પોતાના માને છે. જીવની આ પરભાવ દશા છે. અધ્યાત્મમાર્ગમાં પ્રયાણ કરતા માણસને આ બહિરૂસંબંધવાળું જગત પોતાનું નથી, તે આત્મિક વસ્તુ નથી, આત્માના ગુણોના વિકાસને રૂંધવાવાળું છે, એવી પ્રતીતિ થતાં તેની મમતા છોડી દેવાનો–તે બંધનો દૂર કરવાનો તે પ્રયત્ન કરે છે. તેના પ્રથમ પગથિયાં તરીકે તે દેશવિરતિ બને છે, અને ક્રમે ક્રમે સર્વવિરતિ બને છે, એટલે આત્મજાગ્રતિ થતાં પ્રથમ અવિરત ભૂમિકામાંથી તે બીજી દેશવિરત અને ત્રીજી સર્વવિરત ભૂમિકામાં આવે છે. બહિર્ વસ્તુઓ ઉપરની મમતા સર્વથા છોડ્યા પછી, પરભાવ-વૃત્તિથી નિવૃત્ત થતાં, માણસને અંતરના શત્રુઓ ક્રોધાદિ કષાયોનો સામનો કરવો પડે છે. તે કષાયો આત્મિક ઉન્નતિને અવરોધ કરનારા છે. તેઓનો પરાજય કરવો તે ઘણું કઠણ કામ છે. આત્માને પોતાનું વીર્ય ફોરવવું પડે છે. આત્મામાં જેમ અનંત જ્ઞાન છે તેમ અનંત વીર્ય ( infinite will power ) છે. તે શક્તિને લઇને જીવ પ્રથમ અનંતાનુબંધી કષાયોને નિર્મૂલ કરે છે, સત્તાથી ક્ષય કરે છે. આ ભૂમિકાને અનંતાનુબંધી ક્ષપણ ભૂમિકા કહેવામાં આવે છે. અનંતાનુબંધી કષાયો અનંત સંસારમાં જીવને રઝળાવે છે, અને અનંત સંસારના મૂળ કારણ મિથ્યાત્વના ઉદયના કારણ હોવાથી સ્વરૂપાનુભાવરૂપ સમ્યગ્દર્શનનો ઘાત કરે છે. ત્યારપછીની પાંચમી ભૂમિકાને દૃગ-મોહક્ષપક કહેવામાં આવે છે. દૃગમોહ એટલે પારિભાષિક ભાષા પ્રમાણે દર્શનમોહનીય. આ કર્મના પરિણામે તત્વાર્થ વિષેની શ્રદ્ધા વિકૃત રહે છે. બહારના સંસારનો સંબંધ છોડ્યા પછી, એટલે સર્વવિરતિ ભાવ ગ્રહણ કર્યા પછી પણ આત્મતત્ત્વ ઉપર અચળ શ્રદ્ધા ન રહે ત્યાં સુધી મુમુક્ષુ–સાધક–મોક્ષાર્થીની મનની સ્થિતિમાં મોહ–મુગ્ધતા, ભ્રાંતિ ( delusion ), ડામાડોળપણું રહેવા સંભવ છે–એટલે તે મોહ દશાનો મૂળથી, સત્તાથી ક્ષય કરવાનો રહે છે. તે પાંચમી દૃગમોહક્ષપક ભૂમિકા છે.

બહિરૂજગતનો સંબંધ છોડ્યા પછી અને આત્મતત્ત્વનો બુદ્ધિદ્વારા નિશ્ચય કર્યા પછી, મુમુક્ષુને સમ્યગ્ચારિત્ર ( right conduct ) ને રૂંધનારા કર્મો–અંતરાયોને શાંત કરવાના અને નિર્મૂલ કરવાના રહે છે. આ ચાર ભૂમિકાઓને મોહશમક, શાંતમોહક, ક્ષપક અને ક્ષીણમોહ કહેવામાં આવે છે. અને ત્યાર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાછીની બે ભૂમિકાઓ સયોગી અને અયોગી કેવલીની છે. ટૂંકામાં ભવ્ય પ્રાણી પરમ ઉત્કૃષ્ટ આત્મસ્થિતિને પ્રાપ્ત કરવાના સતત પ્રયાસમાં ઉત્તરોત્તર આત્મગુણોનો વિકાસ કરતી ઉપર બતાવેલ અગિયાર ભૂમિકાઓમાંથી પસાર થાય છે. વસ્તુતઃ આત્મોન્નતિનો પ્રયાસ અખંડ છે, દાદરાના પગથિયાં જેવા જુદા જુદા ભાગ પડેલા નથી, પણ મુમુક્ષુનું ધ્યાન ખેંચવાને શાસ્ત્રકારોએ જુદા જુદા ભાગ પાડેલ છે. શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે: વસ્તુતઃ નિશ્ચયનયની અપેક્ષાએ અધ્યાત્મગુણશ્રેણિ–spiritual progress ની શરુઆત પાંચમા ગુણસ્થાન એટલે દેશવિરતિ ભાવથી થાય છે, કારણ ત્યાંથી જ્ઞાન અને ક્રિયાની એકાત્મતા શરુ થાય છે, પણ વ્યવહારમાં ચોથા ગુણસ્થાનથી શરુઆત ઉપચારથી માની શકાય છે, અને તેથી યોગ્ય જીવને ચોથા ગુણસ્થાનમાં વર્તતો હોય તોપણ અધ્યાત્મમાર્ગમાં પ્રવેશ કરવાની દીક્ષા આપવામાં વાંધો નથી.

આત્મિક ગુણક્રમારોહનું વર્ણન વિસ્તારથી કર્મગ્રંથ આદિ શાસ્ત્રોમાં કરવામાં આવેલ છે. જૈન કે જૈનેતર કર્મપ્રકૃતિ આદિ પારિભાષિક શબ્દોથી અજ્ઞાત હોય તેને ટૂંકાણમાં ફક્ત દિગ્દર્શન કરાવવાનો આ લેખમાં પ્રયાસ કરવામાં આવ્યો છે.

# ગુરુદેવદર્શન

( ગઝલ–કવ્વાલી )

નિહાળું આપને સઘળે, અમર છો આપ ઉરવાસી,
અમર જ્યોતિરૂપે આવો, શિશુ હું જ્ઞાનનો પ્યાસી. નિ૦ ટેક.
ઝૂક્યાં ગુલાબનાં પુષ્પો, પ્રસારે વાસ જે મીઠી,
સકળ દિશવ્યાપ્ત શું સુંદર, તમારી કીર્ત્તિ ત્યાં દીઠી. નિ૦ ૧.
મધુર ટહુકે તરુ આમ્રે, સુકોમળ કોકિલા સ્વામી,
તમારી જ્ઞાનબંસીની, મનોહર ધૂન શું જામી ? નિ૦ ૨.
વિમળ સાહિત્ય ઉદ્યાને, નીતિમય આપની કવિતા,
અમલ ચારિત્ર, નીતિને, વહે શું જ્ઞાનની સરિતા. નિ૦ ૩.
ચિતિ શક્તિમાં ચિન્મયતા, અમૂલી યોગ તન્મયતા,
વસી અધ્યાત્મની સાથે, મહા હઠયોગની સમતા. નિ૦ ૪.
**અજિત** બુદ્ધિતણા સાગર, નિહાળું જ્યોતિરૂપ સ્વપ્ને,
મુનિ **હેમેન્દ્ર** અતિ હર્ષે, નમે ઉત્તમ ગુરુચરણે. નિ૦ ૫.

રચયિતાઃ–**મુનિ હેમેન્દ્રસાગરજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વધર્મ

લેખક : **વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ,** બી. એ. એલએલ. બી. મુઃ **સાદરા**

( ગતાંક પૃષ્ઠ ૧૨૨ થી શરુ )

હરકોઇ પુરુષ પોતે જે સ્થિતિમાં–જેવા સંયોગોમાં–મુકાયેલો હોય તેવા સંયોગો વચ્ચે તે પુરુષને તેની યથાર્થ પરિસ્થિતિને બરાબર ખ્યાલમાં રાખી તેની ફરજ અને જવાબદારીનું, તેના ધર્મનું મહત્ત્વ સંપૂર્ણ રીતે સમજાવી, મરણાંત કષ્ટ આવે તો પણ તેની ફરજ બજાવવામાં–તેની જવાબદારી અદા કરવામાં તે કોઇ પણ રીતે પાછો ન પડતાં–છેવટ સુધી બરાબર ટકી રહે તે ઘણું જ જરૂરનું છે. આવા કિસ્સામાં બહાદુર સૈનિકે મરણના ભયથી ડરી જવાનું હોય જ નહીં. સૈનિક તરીકે જોડાતાં પહેલાં દરેક બાબતનો વિચાર કરી લઇ પાપ-પુણ્યના વિચારથી કે મરણના ભયથી ઘરના ખૂણામાં ભરાઇ બેસવું તે ક્ષંતવ્ય છે, પરંતુ સૈનિક તરીકે જોડાયા પછી તો સૈનિક તરીકેની ફરજ કે જવાબદારી અદા કરવામાં પાછીપાની કરવી તે કોઇ રીતે ક્ષંતવ્ય નથી અને તેથી જ પોતાના ધર્મના આચરણથી મરણને પણ કલ્યાણકારી જણાવવામાં આવેલ છે.

ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરતાં–ઐતિહાસિક અભ્યાસીઓ હજારો વીરપુરુષોના કિસ્સા આગળ કરી ઉપરોક્ત સૂત્રના યથાતથ્ય સિદ્ધાંતના સત્યાંશને વિશેષ કોઇ પણ પ્રકારની દલીલ રજૂ કર્યા વગર પ્રતિપાદન કરી શકે તેમ છે. આવા વીરપુરુષોની ગણનામાં જૈનો પણ સારું સ્થાન રોકી ગયેલા હોવાનું મળી આવે છે. તે ઉપરથી સહેજે સમજી શકાય તેમ છે કે ક્ષાત્રધર્મ બજાવવાનો પ્રસંગ આવી પડે ત્યારે મરણભય કે પાપકર્મના ભયને ખંખેરી નાંખવાના જ હોય છે.

પ્રત્યેક ધર્મના તેમજ નીતિ અને ન્યાયના સૂત્રો પણ એવા સિદ્ધાંત ઉપર જ રચાયેલા છે કે પ્રત્યેક વ્યક્તિએ પોતે જે સ્થિતિમાં મુકાયેલ હોય તે સ્થિતિમાં આવી પડતા આવશ્યક ધર્મો માટે બજાવવી જોઇતી ફરજો અદા કરવામાં કોઇ પણ પ્રકારની હૃદયની દુર્બળતાને વશ થવું જોઇએ નહીં. આવા સૂત્રો સામાન્ય રીતે વ્યક્તિગત હિતને ગૌણપદ આપી સામાજિક હિતને મુખ્યત્વે પ્રધાનપદ આપનારા જ હોય છે. અને તેથી જ ભાર દઇને કહેવામાં આવેલ છે કે વ્યક્તિગત હિતની દૃષ્ટિએ તેના પોતાના ધર્મો ગમે તેટલા જોખમ ભરેલા ઉપલક દૃષ્ટિએ જણાય અને અન્ય ધર્મો હિતકારક જણાતા હોય છતાં પણ તે વ્યક્તિએ પોતાના જ ધર્મોને વળગી રહેવું જોઇએ.

આફતકારક પ્રસંગમાં ફસાઇ જવાનું બને અગર તો અનાયાસે આપત્તિકાળ આવી પડે તેવા પ્રસંગે જ મનુષ્યની ધીરજની તેમજ વિવેકબુદ્ધિની ખરી કસોટી થાય છે અને તેવી કસોટીમાં સારભર પાર ઊતરનાર મનુષ્યના મનુષ્યત્વનું યથાર્થ મૂલ્યાંકન થાય છે.

'અહિંસા પરમો ધર્મ'ના સૂત્રને આગળ કરનાર જૈન દૃષ્ટિ પણ ઉપરના મુદ્દાને લક્ષ્યમાં રાખીને જ ગૃહસ્થધર્મને અનુસરતા સજ્જનની અહિંસા કરતા સાધુધર્મને અનુસરતા મહાપુરુષની અહિંસા સોળ ગણી વધારે હોવાનું પ્રતિપાદન કરે છે અને તેનું કારણ પણ એ જ કે ગૃહસ્થદશામાં રહેતા મનુષ્યથી કેટલાક આરંભ-સમારંભના કાર્યો તજી શકાતા નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે સાધુપુરુષ સુખેથી તેનાથી દૂર રહી શકે છે. આ રીતે ગૃહસ્થધર્મ અને સાધુધર્મ તદ્દન નિરનિરાળાં અને સુસ્પષ્ટ છે. શ્રી કૃષ્ણ ભગવાનનો ભગવદ્‌ગીતાંતર્ગત ઉપદેશ પણ આ વસ્તુની ઘણી જ સફાઇપૂર્વક ચોખવટ કરે છે. શ્રી અર્જુન તે કાળે–તે સમયે જે પરિસ્થિતિમાં મુકાયેલ હતા તેનો સર્વગ્રાહી નજરે બરાબર ખ્યાલ રાખીને જ શ્રી કૃષ્ણ ભગવાને તેને પોતાના ઉપદેશામૃતનું પાન કરાવેલ છે.

ખરેખરી મુશ્કેલીના પ્રસંગે જ કર્ત્તવ્યાકર્ત્તવ્યનો વિચાર અનેક પ્રકારની ગૂંચો ઊભી કરે છે, એટલે તેમાંથી આપણા માટેનો સરળ રસ્તો નક્કી કરી લેવામાં-પરમ વિવેકબુદ્ધિ–સન્મતિ–અંતરંગમાંથી થતો નાદ–શુદ્ધ હૃદયનો અવાજ જ ( conscience ) ખરેખર મદદગાર થઇ પડે છે અને તેથી જ ચિત્તશુદ્ધિ–ઈંદ્રિય–નિગ્રહ, જ્ઞાન–ધ્યાન અને તપ–જપની જરૂરિયાત બતાવવામાં આવેલ છે.

ગૃહસ્થ તરીકેનું શુદ્ધ જીવન ટકાવી રાખવા માટે અનેક પ્રકારની ફરજો, જવાબદારીઓ અને ધર્મો આપણા માટે યોજાયેલા હોઈ તેનો બરાબર અભ્યાસ કરતા રહેવાની જરૂર છે. કમનસીબે પરદેશી રાજ્યસત્તા આપણા ઉપર અમલ કરતી હોવાથી અને કહેવાતા દેશી રાજ્યો પણ સામ્રાજ્યસત્તાના આશ્રયથી જ પોતાનું શાસન નભાવી રાખવાની ભાવના સેવતા હોવાથી, પ્રજામત કે લોકશાસનવાદની કિંચિત્ પણ પરવા ન કરતા હોવાથી, રાજ્યસત્તા તરફના, દેશ અને દેશબાંધવો તરફના આપણા ધર્મોમાં એવા ખટરાગ અને વિસંવાદ ઊભા થાય છે કે ઘણી વખત આપણે મોટી મૂંઝવણમાં પડી જઇએ છીએ. આવા પ્રસંગે પ્રજાનો મોટો ભાગ શુદ્ધ દિલના પ્રખર દેશનાયકોને અને આગેવાનોને જોઇએ તેટલા સાચા પ્રમાણમાં સાથ અને સહકાર આપવામાં પાછો પડતો હોવાથી જ–અંગત હિત સાધી લેવાની–તાત્કાલિક લાભ મેળવી લેવાની આપણી સંકુચિત મનોદશા આપણને આડે રસ્તે દોરી જતી હોવાથી જ આપણી રાષ્ટ્રિય ભાવના ઘણી જ મંદ ગતિએ આગળ વધતી હોવાથી જ આપણા ગુલામીના બંધનો ઢીલા પડતા નથી અને પરિણામે આપણે અનેક પ્રકારની શોષણ પદ્ધતિઓને અને યાતનાઓને નિરુપાયે તાબે થવાનું જ રહે છે.

માથે આવી પડેલ જવાબદારીઓ અદા કરવા જતાં તેમાં ઘણી ઘણી વખત અણધારી મુશ્કેલીઓ આવી પડે છે. તેવા પ્રસંગે તે બધી મુશ્કેલીઓ સરળતાથી દૂર થઈ શકે અને આપણો માર્ગ નિષ્કંટક બનાવી શકાય તે માટે જોઇતી શક્તિ અને પૂરતું મનોબળ જાળવી શકાય તે ખાતર–અનુભવી મહાપુરુષોના સત્સંગ અને વિશાળ વાંચનથી, કાર્યશક્તિ, ત્યાગભાવના અને આત્મબળમાં વધારો કરવાની જરૂર છે.

દરેક મનુષ્યના સંયોગો અનુકૂળ કે પ્રતિકૂળ એક સરખા હોતા નથી અને તેથી જ અનુકૂળ સંયોગોનો લાભ લેવાની કે પ્રતિકૂળ સંયોગોનો કુનેહપૂર્વક સામનો કરવાની સાધનસામગ્રી પણ એક સરખી હોઇ શકે નહિ. તે જોતાં દરેક મનુષ્યે પોતપોતાના ધર્મો અને ફરજો પૂરતી સમજ અને સાવધાનીપૂર્વક નક્કી કરી લેવાનું રહે છે અને તેમાં જ તેની વિવેકબુદ્ધિ અને સન્મતિની આકરી કસોટી છે. આવા પ્રસંગે સત્ત્વહીન થઈ ભાગ્ય ઉપર આધાર રાખીને નિષ્ક્રિયતાનો આશ્રય નહીં લેતાં ઉદ્યમશીલ રહેવું જોઇએ.

વળી મનુષ્યનો દરજ્જો જેમ જેમ વધતો જાય છે તેમ તેમ તેની ફરજો અને જવાબદારીમાં પણ વધારો થતો જાય છે. તે જોતાં વધતા જતા દરજ્જાને અંગેના માન–મરતબામાં વધારો મેળવવા તૈયાર રહેનારે વધતી જતી ફરજો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવાબદારીઓ અદા કરવા પણ નિડરતાથી હિંમતપૂર્વક તૈયાર રહેવું જોઈએ. સામાન્ય સૈનિક કરતાં સેનાધિપતિની જવાબદારી ઘણી જ વધારે હોય છે. હજારો સૈનિકોના જીવનમરણ અને હારજીતનો પ્રશ્ન સેનાધિપતિની કાર્યશક્તિ ઉપર જ આધાર રાખતો હોવાથી તે પોતાની જવાબદારી અદા કરવામાં કોઈ પણ પ્રકારની સ્ખલના કરે તે ક્ષંતવ્ય નથી.

ઉપરોક્ત સૂત્રની સંભાવના યુદ્ધના પ્રસંગ ઉપરથી ઉપસ્થિત થયેલ છે; છતાં અન્ય પ્રસંગોએ ઉપસ્થિત થતા માનવધર્મોની વિચારણાને પણ તે જ ધોરણ સહીસલામત રીતે લાગુ પાડી શકાય અને લેખને લંબાવી શકાય તેમ છે; છતાં તે બાબત સુજ્ઞ વાચકોની વિચારસરણી ઉપર જ છોડવામાં આવે છે. પ્રત્યેક કિસ્સાની તરતમતા, તેની ઉપયોગિતા અને મહત્ત્વતા ઉપર આધાર રાખે છે.

હવે ઉપરોક્ત સૂત્રનો જૈનદૃષ્ટિએ વિચાર કરતાં, ધર્મ શબ્દને વસ્તુસ્વભાવના અર્થમાં લેતાં ચૌદ રાજલોકમાં મુખ્યતાએ જીવ અને પુદ્ગલ એ બે વસ્તુ જ હોવાથી સ્વધર્મ એટલે આત્મધર્મ અને પરધર્મ એટલે પુદ્ગલ ધર્મ સમજી સદર સૂત્રના રહસ્ય અને અર્થગંભીરતાની બરાબર વિચારણા કરી લેવી જોઈએ.

જીવ અને અજીવ, દેહ અને દેહી, આત્મા અને પુદ્ગલ, ચેતન અને જડ બન્ને તદ્દન નિરનિરાળા–જુદા જુદા ધર્મો ધારણ કરનાર પરસ્પર ભિન્ન વસ્તુ અને સ્વતંત્ર દ્રવ્ય–પદાર્થો છે. ઉચ્ચ કોટિની વિવેકશક્તિ જ ઉપરોક્ત બન્ને વસ્તુને એકબીજાથી તદ્દન ભિન્ન જાણવામાં અને સમજવામાં આપણને ખરેખરી મદદગાર થઈ પડે છે. ઘણા પુરુષોને આ બન્ને વસ્તુ તદ્દન ભિન્ન સમજાતી હોય છે, છતાં પણ તે સમજણનો કાયમને માટે સદુપયોગ કરી જાણવાની વૃત્તિ જીવનભર ટકાવી રાખવા માટે વિરલા પુરુષો જ ભાગ્યશાળી થાય છે. પરમ વિવેકબુદ્ધિથી આવી સમજણ સદ્ભાગ્યે જાગ્રત થાય છતાં પણ મરણપર્યંત તેવી સમજણને અનુસરીને જ જીવનભરના તમામ કાર્યો–ધાર્મિક કે વ્યવહારિક–પાર પાડવાની શક્તિ વિરલા મનુષ્યો જ ફોરવી શકે છે. વિલાસપ્રિયતા, પુદ્ગલાનંદીપણું, દેહાધ્યાસીવૃત્તિ, વિષયાભિલાષ વગેરે અનિષ્ટ વૃત્તિઓને આપણે એટલી બધી હદ સુધી તાબે થઈ ગયેલા હોઈએ છીએ કે શુદ્ધ આત્મભાવની વિચારણા જ સ્ફુરતી નથી–જાગ્રત થતી નથી.

સચ્ચિદાનંદમય આત્મસ્વરૂપનું પરમ રહસ્ય આપણને સમજાવું ઘણું જ મુશ્કેલ છે.

સ્વ–પરનો ભેદ તત્ત્વાર્થથી બરાબર સમજાય, શરીરમાં રહેલ આત્મા શરીરથી તદ્દન ભિન્ન છે, શરીર જ્યારે નાશવંત છે ત્યારે તેમાં રહેલ આત્મા અજરામર, અવિનાશી અને મૂળ સત્તાએ શુદ્ધ–નિર્મળ–કર્મમળથી અલિપ્ત છે એવી સમજણ દૃઢ થતાં પરમ વિવેકબુદ્ધિ જાગ્રત થાય તો જ આત્માના ધર્મો કયા કયા અને આત્માથી પર પુદ્ગલ–શરીરના જડ વસ્તુના ધર્મો કયા કયા તેનો યથાર્થ ખ્યાલ આવી શકે. આવો ખ્યાલ કાયમ ટકી રહે–પરમ જાગ્રતદશા બરાબર જળવાઈ રહે તો જ શરીરના આત્માથી પર વસ્તુના ધર્મોમાંથી મોહ–મમત્વની ભાવના ઓછી થતી જાય અને આત્મધર્મમાં રમણતા વધતી જાય. જે મહાનુભાવ પુરુષોની આવી આત્મરમણતા, ચિત્તશુદ્ધિ, ઇંદ્રિયદમન, જ્ઞાન–ધ્યાન, કષાયત્યાગ વગેરે સાત્ત્વિક ભાવોની મદદથી ક્રમે ક્રમે વધતી જતી હોય–તેમને પોતાના આત્મધર્મની રમણતામાં, આચરણમાં નિમગ્ન રહેતાં કદાપિ આ દેહનો ત્યાગ કરવારૂપ મરણાંત કષ્ટ આવી પડે તો પણ તેઓ પોતાની વિશુદ્ધ આત્મરમણતા-

For Private And Personal Use Only

માંથી જરા પણ પાછા હઠતા નથી. ઘણા લાંબા સમયથી ચાલ્યા આવતા દેહાધ્યાસના પરિણામે પુદ્ગલાનંદીપણામાં કે વિષયાભિલાષની તૃપ્તિમાં માણસ રચ્યોપચ્યો રહે તો તે મોહક પરધર્મમાં ફસાઇ જતાં સ્વકીય આત્મધર્મથી સ્ખલિત થઇ જવાનો સંભવ રહે છે અને તેથી જ ઉપરોક્ત સૂત્રના ભાવાર્થને બરાબર વિચારી લઇ તેનું રક્ષણ કરતા રહેવાનો આગ્રહ કરવામાં આવે છે. આવું રક્ષણ કરનાર અને તે પ્રમાણે શુદ્ધ દિલથી સતત આચરણ કરનાર મુમુક્ષુ પ્રાણી જ પરમ આત્મકલ્યાણ સાધી શકે છે અને સકળ કર્મનો ક્ષય થતાં સિદ્ધદશાએ પહોંચી શકે છે.

મૂળ સત્તાએ શુદ્ધ અને નિર્મળ આત્મા અનાદિ કાળથી કર્મમળથી ખરડાયેલો હોવાથી–કર્મબંધનમાં જકડાયેલો હોવાથી, ' પુનરપિ જનનં પુનરપિ મરણં પુનરપિ જનનીજઠરે શયનં 'ની દશા અનાદિ કાળથી ભોગવતો આવ્યો છે અને હજુ પણ, ઉપરોક્ત સૂત્રની રહસ્ય–વિચારણાથી વંચિત રહી, અરઘટ્ટ–ઘટ્ટિકા યંત્રની માફક તેની તે જ દશામાં નિરર્થક કાળના પ્રવાહમાં તણાતા રહી, રત્નત્રયની પ્રાપ્તિ માટે ઉપયોગપૂર્વક જરૂર પૂરતો ઉદ્યમ કરવામાં ગાફેલ રહે તો તેનો કયારે આરો આવશે તે સમજાતું નથી. સુષુપ્તિ–ગફલત–બેદરકારીમાં ડૂબી ગયેલ આત્માના ભવભ્રમણનો કદી પણ અંત આવતો નથી.

પરમાત્મદશાની પ્રાપ્તિ, સકળ કર્મનો ક્ષય, સચ્ચિદાનંદ સ્થિતિ એ કંઈ સહેલાઈથી પ્રાપ્ત કરી શકાય તેવી વસ્તુ નથી. તેની પ્રાપ્તિ માટે તો આત્મધર્મમાં તલ્લીનતા સાધી પુષ્કળ વીર્ય ફોરવવાની જરૂર છે.

ભયપૂર્ણ પરધર્મમાંથી સર્વદેશીય નિવૃત્તિ અને આત્મધર્મમાં જ એકાગ્ર ચિત્તપૂર્વકની રમણતા જ સાધ્ય વસ્તુની સિદ્ધિ માટે પરમ અને મુખ્ય સાધન છે. અનેક ધર્મશાસ્ત્રના પુસ્તકોનું કેવળ વાચન અને અભ્યાસ આત્મ-રમણતા તરફ ન લઈ જઈ શકે તો તે કંઇ કામના નથી. હરકોઈ ઉપાયે આત્મધર્મમાં સ્થિરતા પ્રાપ્ત કરવી એ જ આપણું પરમ કર્તવ્ય છે અને ઉપરોક્ત સૂત્રનો ફલિતાર્થ પણ આપણને તે તરફ જ દોરી જાય છે. આત્મધર્મમાં જ રમણતા સૌ કોઇને સાધ્ય હોય એ જ અભ્યર્થના.

## શાંતિ

શોકના સાગરે હર્ષબિંદુ મળ્યાં,
જળમાંહી જળ આવીને ત્યાં ભળ્યાં;
સંત અશાંતિ સંતાપ ત્યાં તો ટળ્યાં,
શાંતિના સાગરે પ્રેમ મૌક્તિક ફળ્યાં.

**અમરચંદ માવજી શાહ.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમર આત્મમંથન

( ગતાંક પૃષ્ઠ ૧૨૬ થી શરુ )

લેખક : **અમરચંદ માવજી શાહ.**

૩૬. સામાન્ય જીવન જીવી રહ્યાં હોઇએ એટલે સામાન્ય વ્યવહાર તો સાચવવો જોઇએ પરંતુ એ જીવનમાં પણ દ્વીઅર્થી જીવન ( આત્મિક અને વ્યવહારિક ) જીવનાર ખરો કલાબ્ધિ છે.

૩૭. વિશ્વમાં વહેતાં પ્રવાહો આપણાંથી જો અટકાવી ન શકાય તો તેને સન્માર્ગે વાળવામાં આપણી શક્તિનો ઉપયોગ તો જરૂર કરી શકાય. પ્રવાહ અટકે નહિ પણ બદલી તો શકાય.

૩૮. તમારે તમારી કીર્તિ જગમાં અવિચળ રાખવી હોય તો સ્ત્રીઓ સાથે ઓછો પરિચય રાખજો, કારણ કે આપણે સંસારનાં સરાગી પ્રાણી છીએ. અને અલિપ્ત હશું, છતાં જગતનાં અવળા ચશ્માઓ સરાગ સંબંધ સમજી અપકીર્તિ કરશે.

૩૯. જો તમે તમારી સ્ત્રી પ્રત્યે ખરેખરા પ્રેમવાળા હો તો અવર સ્ત્રી યા વિધવા કે કુમારિકાને માતા બહેન કે પુત્રી તુલ્ય સમજી સંયમમાં દૃઢ રહેજો. જો તમે તમારી સ્ત્રીને વફાદાર રહેશો તો તે તમને વફાદાર રહેશે. તમે અવર નારી પર કુદૃષ્ટિ કરશો તો તે ઉપર કોઇ કુદૃષ્ટિ કરશે. તમે પવિત્ર રહેશો તો તમારું જીવન પવિત્ર બનશે. દંપતીજીવન સુખી અને મધુર લાગશે.

૪૦. માનવજીવન અનેક ઘાતો વચ્ચે જીવવાનું છે. ચાલતાં ઠેસ આવે કે મોટરમાં સપડાયાં–હવા લાગી કે બિમાર થયાં અને જીવનદીપક જોખમાયો. ગમે તેટલું કિંમતી જીવન જરા જરા વારમાં હતું ન હતું થઇ જાય, તેથી જે કંઇ સુકૃત્ય કરવાનાં હોય તે ભાવિ ઉપર ન છોડતાં જે જે તકો જીવનમાં ઉત્તમ સાંપડતી જાય તેનો ઉપયોગ કરી લેજો. પછી પસ્તાવું તે કરતાં પહેલેથી જીવનને પારમાર્થિક માર્ગે–સન્માર્ગે ચડાવવું એટલે પછી ગમે ત્યારે અકસ્માત નડે છતાં સમાધિમરણ તો થાય.

૪૧. આત્મવાદથી બીજા બધાં વાદ ગૌણ છે. જ્યાં સુધી આત્માને ન ઓળખી શકાય ત્યાં સુધી આત્માનું અવિચલ સુખ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ પણ ક્યાંથી થાય ? જ્યારે એ તત્ત્વ સમજાય, તેનું ધ્યાન પ્રગટે, કર્મનું જ્ઞાન થાય તેને નિવારવા પુરુષાર્થ કરી ખરું શાશ્વત સુખ પ્રાપ્ત કરી શકાય. બીજી બધી જંજાલો કરતાં આત્મચિંતનની જંજાળને વધુ મહત્ત્વ આપવું.

૪૨. આત્મા એ જ નિશ્ચયનયથી પરમાત્માસ્વરૂપ છે. જેમ અંધકારમાં ઇલેક્ટ્રીક લાઇટથી અંધકારનો નાશ અને ચોમેર ઉજાસ થાય તેમ આ ઘોર સંસારમાં આત્મજ્ઞાનરૂપ પ્રકાશ પ્રગટતાં કર્મરૂપી અંધકારનો નાશ થાય.

૪૩. જે દેહમાં તમે જીવી રહ્યા છો એ દેહથી તમે ન્યારા છો–આ દેહ તે તમે નથી પણ તેમાં ' હું ' કહેનારો જે આત્મા તે તમે છો. પરંતુ અજ્ઞાનતાએ આપણે તે જાણી શકતાં નથી એટલે જ જેમ આપણું મુખ કેવું છે તે આપણા ચક્ષુદ્વારા જોઇ શકતાં નથી, પરંતુ દર્પણથી જ મુખદર્શન કરી શકીએ છીએ તેમ જ્ઞાની ગુરુરૂપી અરીસાથી તમારું આત્મબિંબ નીરખવા સંગ કરો. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# “જૈન” પત્રના તંત્રી અને ભાવનગરના શહેરી
# શેઠ દેવચંદભાઈ દામજીનો સ્વર્ગવાસ

આ સભાના માનવંતા અગ્રગણ્ય સભાસદ, અત્રેના જૈન સંઘના આગેવાન સભ્ય તથા ‘જૈન’ પત્રના અધિપતિ શેઠ દેવચંદભાઇ દામજીના દુઃખદ અવસાનની નોંધ લેતા અમને ભારે ખેદ થાય છે. મર્હુમની જૈન સમાજ પ્રત્યેની અનેકવિધ સેવાઓ બહુમૂલ્ય હતી. મર્હુમનો જન્મ સં. ૧૯૩૮ ના



મહા સુદ ૫ ના રોજ થયો હતો. સં. ૧૯૫૨ માં શિક્ષકના ધંધામાં પ્રવેશ કરી તેમણે જીવનનિર્વાહની શરુઆત કરી હતી; પરંતુ સમાજસેવાની ધગશવાળા હોઇ એ ધંધો છોડીને તેઓશ્રીએ સં. ૧૯૬૩ માં “જૈન વિજય”, “તરંગ તરંગિણી” અને ‘જૈન શુભેચ્છક’નુ સંચાલન તથા ‘વીશાશ્રીમાળી હિતેચ્છુ’ ‘સ્ત્રીસુખ દર્પણ’નું પ્રકાશન હાથમાં લીધું. ત્યાર પછી સં ૧૯૬૫ માં હિતેચ્છુ પ્રેસ ખોલ્યો. આ અરસામાં સ્વ. ભગુભાઈ ફત્તેહચંદ કારભારીએ અમદાવાદ અને મુબઇમાં પહેલવહેલું ‘જૈન’ સાપ્તાહિક પત્ર ઘપાવવાનો પ્રયાસ કર્યો હતો. આ પત્ર થોડું પગભર થયું તેટલામાં તેમને યુરોપ જવાનું થતાં સ્વ. દેવચંદભાઇએ એ પત્રનું સુકાન હાથમાં લીધું, જે મરણપર્યંત તેઓશ્રીએ સફળતાપૂર્વક ચલાવ્યું. ‘જૈન’ પત્રને વિકસાવવા અને પોતાના ઉદ્યોગને આગળ વધારવા તેઓશ્રીએ સં. ૧૯૬૯ માં પોતાનું સ્વતંત્ર છાપખાનું ખોલ્યું. કોમી સામાહિકો ચલાવવાનું કામ ઘણું મુશ્કેલ હોવા છતાં અનેક વાવંટોળ વચ્ચે અડગ રીતે તેઓશ્રીએ ‘જૈન’ પત્રને દીર્ઘાયુષી અને સ્વતંત્ર બનાવ્યું છે. તદ્દન સામાન્ય સ્થિતિમાંથી આપબળે આગળ વધી સ્વપુરુષાર્થદ્વારા સ્વર્ગસ્થ દેવચંદભાઇએ જે સિદ્ધિ અને વ્યવહારદક્ષતા પ્રાપ્ત કરી છે તે ખરેખર સૌ કોઇને અનુકરણીય છે. તેઓશ્રી વેપારવાણિજ્યમાં ઓતપ્રોત રહેવા છતાં પરોપકારની ભાવનાને કદિ ભૂલ્યા નથી. જૈન સમાજની અનેક સંસ્થાઓમાં તેઓશ્રી ખૂબ રસ લઈ રહ્યા હતા. શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળની કમિટીના સભ્ય તરીકે તેઓશ્રીએ પોતાની કિંમતી સેવા વર્ષો સુધી આપી હતી.

આ વિશ્વયુદ્ધના કપરા સંજોગોમાં જૈન ભાઇઓ માટે શ્રી વારૈયા ધરમશી ઝવેરભાઈ જૈન ભોજનશાળાના સેક્રેટરી તરીકે વહીવટ સંભાળી તેઓશ્રીએ અનુપમ સેવા આપી હતી. પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં ભોજનશાળાને સંગીન પાયા પર મૂકવા તથા તેને માટે આર્થિક સહાય મેળવવા તેઓશ્રીએ જિંદગીની છેલ્લી ઘડી સુધી તનતોડ મહેનત કરી હતી.

For Private And Personal Use Only

# ............વર્તમાન સમાચાર............

### " પંજાબના વર્તમાન "

પટ્ટીનગરમાં આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનું ચાતુર્માસ ઘણા જ ઉત્સાહ, ઉછરંગ, સાનંદ સમાપ્ત થયું.

કાર્તિકી પૂનમે શ્રી આત્માનંદ જૈન ભવનમાં પુનિત શ્રી સિદ્ધાચલજી મહાતીર્થનો પટ્ટ સ્થાપન કરવામાં આવેલ હતો, ચતુર્વિધ શ્રી સંઘસહ આચાર્યશ્રીજી વાજતે ગાજતે બજારોમાં ફરી પટ્ટના દર્શનાર્થે પધાર્યા.

લાહોરનિવાસી લાલા ચરણદાસજી જૈને પટ્ટની ઉદ્ઘાટનક્રિયા કરી. આચાર્યશ્રીજીએ શ્રી સિદ્ધાચલજી મહાતીર્થના પટ્ટ બનાવવા માટે ઉપદેશ આપતાં તેને વધાવી લઇને લાલા તારાચંદજી ચીમનલાલજીએ પટ્ટ બનાવવા સારુ ૫૦૧) પાંચસો એક આપવા જાહેર કર્યા.

હુશીયારપુરનિવાસી લાલા ગૌરામલજી અમરનાથજીએ સવારે તપસ્વીઓને પારણાં કરાવ્યાં અને બપોરે નવાણું પ્રકારની પૂજા ભણાવી પ્રભાવના કરી તથા સાધર્મિક વાત્સલ્ય કર્યું.

---

આવા નરરત્ન શ્રી દેવચંદભાઇના ખેદજનક અવસાનથી તેઓશ્રીના કુટુંબને જ નહિ, પરંતુ આ સભાને તેમજ અહિંના શ્રી જૈન સમાજને લાંબો વખત સાલે તેવી ભારે ખોટ પડી છે. પોતાની પાછળ પુત્રપૌત્રાદિનો બહોળો પરિવાર મૂકી તેઓશ્રીએ ૬૧ વર્ષની ઉમરે માગશર શુ. ૭ ના રોજ જીવનયાત્રા સંકેલી દેહોત્સર્ગ કર્યો છે. શ્રી શાસનદેવ સદ્ગતના આત્માને ચિરશાંતિ આપો અને તેમના કુટુંબીજનો, સગાસંબંધીઓને તથા સ્નેહીવર્ગને આ આઘાત સહન કરવાનું બળ આપો એવી પરમાત્મા પ્રત્યે અમારી અભ્યર્થના છે.

---

હુશિયારપુર શ્રી સંઘના પ્રમુખ લાલા સાળગરામજી, સેક્રેટરી ધર્મચંદજી, અમરનાથજી, ડોગરમલજી આદિએ આવતું ચોમાસું હુશિયારપુર કરવા જોરદાર વિનતિ કરી.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજની જન્મજયંતી ઊજવવામાં આવી.

કસૂર શહેરમાં શ્રી જિનેશ્વર દેવનું દેરાસર બંધાઇ તૈયાર થયેલ હોવાથી એની પ્રતિષ્ઠા પોષ શુદિ પૂનમની કરાવવાની હોવાથી કસૂર શ્રી સંઘની વિનંતીને માન આપીને કા. વ. બીજી ચોથ શુક્રવારે વિજય મુહૂર્તમાં વિહાર કરી ભૃગુપુર પધાર્યા.

આચાર્યશ્રીજી અહીંથી વિહાર કરી માંડલી, પુનિઆ, વલટોહા, આસની, ખેમકરણ થઇ કા. વ. અગિયારસે કસૂર શહેર પધાર્યા. કસૂર શ્રી સંઘે આચાર્યશ્રીજીનું ઉત્સાહપૂર્વક સુંદર ભાવભીનું સ્વાગત કર્યું.

શ્રી આત્મવલ્લભ જૈન સેવક મંડળ–પટ્ટી અને પટ્ટીના ભાઇઓ તથા કસૂરના ભાઇઓ સાથે ચાલતા હતા.

બીકાનેર શ્રીસંઘનો વિનંતીપત્ર લઇ શ્રીયુત ફત્તેહચંદજી કોચર અને છગનલાલજી સિરોયા પટ્ટી નગરમાં આચાર્યશ્રીજીની સેવામાં ઉપસ્થિત થઇ આવતું ચોમાસું બિકાનેર કરવા વિનંતી કરી અને શ્રી ગુરુમંદિર આદિ બંધાવવાની ભાવના પ્રદર્શિત કરી.

ગુજરાત-કાઠિયાવાડ આદિથી પણ આચાર્યશ્રીજીને ગુજરાત–કાઠિયાવાડ પધારવા માટે વિનંતીપત્રો આવી રહ્યા છે. પ્રતિષ્ઠાના કારણે હાલ અત્રે સ્થિરતા થશે.

પત્રવ્યવહાર,

c/o **લાલા નંદલાલ બિહારીલાલ જૈન શરાફ**

**મુ. કસૂર,** જિ. લાહોર ( પંજાબ )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાલણપુરથી શા પોપટલાલ ગિરધરલાલ આદિ અને વડોદરાથી નવા બજારવાળા શેઠ કેસરીમલજી હીરાચંદજી આચાર્યશ્રીજીના દર્શનાર્થે પધારી દર્શન કર્યાની ખુશાલીમાં શ્રી આત્માનંદ જૈન ગુરુકુળને ૧૦૧) રૂપિયા ભેટ આપ્યા.

---

## કસૂર( પંજાબ )માં પ્રતિષ્ઠા અને અંજનશલાકા મહોત્સવ.

પૂજ્યપાદ્ આચાર્યદેવ શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના વરદ્ હસ્તે કસૂર( પંજાબ )માં નવીન બનાવેલ દેરાસરમાં શ્રી આદીશ્વર પ્રભુની પ્રતિષ્ઠા અને નવીન ભરાવેલાં જિનબિંબોની અંજનશલાકા થશે. તેનો કાર્યક્રમ નીચે મુજબ છે.

પોષ શુદિ બીજ ૧૦—કુંભ સ્થાપન.
,, ,, ૧૪—રથયાત્રાનો વરઘોડો ધામધૂમથી ચઢશે.
,, ,, ૧૫—તા. ૨૧-૧-૪૩ ગુરુવાર. પ્રતિષ્ઠા અને અંજનશલાકા, નવગ્રહ પૂજનાદિ અને ધ્વજા-કળશના અભિષેક સર્વ કાર્યો કરવામાં આવશે.

---

## અંબાલા શહેરમાં જયંતિમહોત્સવ.

કાર્તિક શુદિ ૧૫ રવિવારના રોજ સવારના અગિયાર વાગે શ્રી આત્માનંદ જૈન કૉલેજ ભવનમાં કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરનો જયંતિમહોત્સવ શ્રીયુત બાબુ મહાવીરપ્રસાદજી એડવોકેટના પ્રમુખપદે ઉજવવામાં આવ્યો હતો. લાલા મૂલરાજજી એમ. એ એલએલ. બી. પ્રિન્સિપાલ, શ્રી આત્માનંદ જૈન કૉલેજ; પ્રો. બદ્રિદાસજી, પ્રો. વિમલદાસજી, પ્રો. ફકીરચંદજી, પ્રો. લોકચંદજી વગેરેના વિવેચનો થયા હતા. બે કલાકના વિસ્તૃત પ્રોગ્રામ પછી સભા વિસર્જન થઇ હતી.

---

## વિસનગર.

મૌન એકાદશી સારી રીતે આરાધવામાં આવી હતી. મૌન એકાદશી ઉપર મુનિ શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજે વિવેચન કર્યું હતું. મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ તથા મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજનું ચાતુર્માસ અત્રે શાંતિપૂર્વક પસાર થયું હતું. બાદ ત્યાંથી વિહાર કરી મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ વાલમતીર્થની યાત્રાએ ગયા હતા.

---

## પ્રાતઃસ્મરણીય શ્રી મૂળચંદજી મહારાજની જયંતી.

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર તરફથી ગયા માગશર વદિ ૬ સોમવારના રોજ પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ્ સ્વ. મહાત્મા શ્રી મૂળચંદજી મહારાજની સ્વર્ગવાસતિથિ હોવાથી તે દિવસે જયંતી પ્રસંગે સવારના દશ વાગે શ્રી દાદાસાહેબના જિનાલયમાં સુંદર રાગરાગણીપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી. અને આંગી–લાઇટ વગેરે કરવામાં આવી હતી તેમજ શ્રીમદ્ મૂળચંદજી મહારાજશ્રીના પગલે આંગી રચવામાં આવી હતી.

---

# શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ-પાલીતાણા

### —રજત મહોત્સવ અંગે—

મજકૂર ગુરુકુળના સભ્યો અને શુભેચ્છકો પ્રત્યે જણાવવાનું કે પાલીતાણાખાતે આ સંસ્થાનો રજત મહોત્સવ ઊજવવા ગત વર્ષે નક્કી થયેલ પણ અશાંત વાતાવરણથી મુલતવી રાખવો પડ્યો તે આપ સર્વને વિદિત છે.

( ૧ ) રજત મહોત્સવ અંક બહાર પડી ગયો છે અને આપને મોકલવામાં આવ્યો છે તે બરોબર વાંચી તેમાં કરેલ વિનતિઓ માટે બનતું જરૂર કરશો.

( ૨ ) હવે ચાલુ વર્ષે મહા માસમાં પાલીતાણા ખાતે આગમમંદિરની પ્રતિષ્ઠા નક્કી થઇ છે. તો તે પ્રસંગે આપણે પણ મેળાવડા વગેરે જે કરવા છે, તે કાર્ય કરવું ઉચિત લાગે છે, તો આ માટે શું શું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવું, કયા દિવસો ગોઠવવા વગેરેનો નિર્ણય કમિટી થોડા દિવસમાં કરનાર છે; માટે વિચારવંત શુભેચ્છકો જરૂરી સૂચનાઓ અને સહાય માટે તાકીદે લખી જણાવવા તસ્દી લેશો.

( ૩ ) વિદ્યાર્થી શયનગૃહ માટે રૂા. ૧૫૦૦૦) અને કાર્યકરનિવાસગૃહ માટે રૂા. ૫૦૦૦) મળતાં તે મકાનોને તેના સહાયકોના નામ જોડવા–નામાભિધાન કરવા આ પ્રસંગે ઉમેદ છે અને આ ઉમેદ અધિષ્ઠાયક દેવ પાર પાડશે તેમ લાગે છે. કમિટી પોષ સુ. ૧૫ સુધી તેનો નિર્ણય કરવા ઇચ્છે છે જેથી આ પ્રસંગ વધુ યાદગાર બને.

( ૪ ) રજત મહોત્સવ ફંડ શરુ કર્યા બાદ કેટલીક રકમો વસૂલ આવી છે, પણ કાર્ય લંબાતા તે કામ ઢીલમાં રાખવામાં આવ્યું હતું. વિશેષ પ્રયત્ન કર્યો ન હતો પણ ઉપર મુજબ હવે ઘણો જ ઓછો સમય હોવાથી તે ફંડ ખાતે વસુલ આપવા અને નવી રકમો ભરાવવા વિજ્ઞપ્તિ છે. બધે જાતે પહોંચવા સંભવ કમી છે માટે જરા પણ ઢીલ વિના ઇચ્છા મુજબ સર્વે ભાઇઓએ રજતમહોત્સવ ફંડમાં પોતાનો ફાળો આપવા કૃપા કરવી.

( ૫ ) જેઓએ અત્યાર સુધી સ્થાયી ખાતાઓમાં સહાય આપી છે અને જેઓની રકમ બીજા અને પ્રથમ વર્ગના પેટ્રન ગણવામાં થોડી ઓછી છે તેઓ ખૂટતી રકમ મકાન અને સ્વામીવાત્સલ્યાદિ સ્થાયી ખાતે આપીને આ મહોત્સવ અગાઉ બીજા અને પ્રથમ વર્ગના પેટ્રન બનવા કૃપા કરશો તો કમિટીના આનંદમાં વધારો થશે,

તા. ૨૯–૧૨–૪૨<br>મુંબઈ, પાયધુની<br>હેડ ઓફિસ.

લિ.<br>ઑનરરી સેક્રેટરીઓ,<br>**શ્રી યશોવિજયજી જૈન ગુરુકુલ**

## રજત મહોત્સવ ફંડ માટે અપીલ.

### ( ૧ )

ચાલુ વર્ષના મહા માસમાં શ્રી પાલીતાણા મધ્યે શ્રી ગુરુકુળનો રજતમહોત્સવ ઊજવવા, તે પ્રસંગે યોગ્ય પ્રોગ્રામ ગોઠવવાનો વિચાર ચાલે છે. આ માટે "રજત ફંડ" શરુ કરવામાં આવ્યું છે. રૂા. ૨૫૦૦) આશરે થયા છે. અને વિશેષ મેળવવાનું કામ ચાલુ છે.

ગુરુકુળનો ઓછોવત્તો લાભ લઇ મુક્ત થનાર અને તે સાથે સંબંધ ધરાવનાર બંધુઓનું મુંબઇ મધ્યે "શ્રી ગુરુકુળ વિદ્યાર્થી મિત્રમંડળ" છે તેઓએ પણ રૂા. ૭૦૦) ઉપરાંત મેળવ્યા છે અને અને ગુરુકુળના વર્ષોની ગણત્રીએ રૂા. ૨૫૦૦) ૩૦૦૦) કરવા ઇચ્છે છે. તે જ રીતે ગુરૂકુળની કાર્યવાહક કમિટીએ રૂા. ૨૫૦૦) લગભગ કર્યા છે અને રૂ. ૨૫૦૦૦) ૩૦૦૦૦) મેળવવા ઇચ્છા રાખે છે. આટલા વર્ષના સેવા–કાર્ય પછી આવી ઇચ્છા રખાય જ કે આ સમયે ગુરુકુલના નિભાવખાતે ( વટાવખાતે ) મોટી રકમ લેણી ખેંચાય છે તે આ વર્ષે ન ખેંચાય અને બીજા કામો કરવાને ઉત્તેજન મળે તેવી મદદ મળે.

દરેક સ્થળે જાતે જઇ ન શકાય તેમ સમય પણ ઓછો છે. આ માટે ગુરુકુળના સભ્યો અને શુભેચ્છકો પોતાનો અને પોતાના સંબંધીઓ પાસેથી યોગ્ય મદદ મેળવી સારી રકમ મોકલે તેવી વિનંતિ છે. ઓછામાં ઓછા ૧૦૦ બંધુઓ દરેક રૂા. ૨૫૦) ૩૦૦) ની રકમ આપે અને અપાવે તો આ રકમ સહેલાઇથી થઇ શકે અને રજત મહોત્સવ ઊજવવાનું સાર્થક બને.

( ભરાયેલ રકમનું નામ વાર લિસ્ટ હવેના અંકમાં પ્રગટ કરાશે. )

લિ૦

મુંબઇ, પાયધુની<br>હેડ ઓફિસ<br>તા. ૫–૧–૪૩.

**ફકીરચંદ કેશરીચંદ**<br>**લલ્લુભાઈ કરમચંદ**<br>**કાળીદાસ સાકળચંદ દોશી**<br>**ફત્તેહચંદ ઝવેરભાઈ**<br>**ઓ. સેક્રેટરીઓ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના વાર્ષિક મેમ્બરોને ભેટ.

નીચે જણાવેલા ચાર પુસ્તકો આ સભાના વાર્ષિક સભાસદ બંધુઓને ભેટ મોકલી આપવામાં આવશે. જે જે બંધુઓએ પોતાનું સં. ૧૯૯૯ ની સાલ આખર સુધીનું લવાજમ ન મોકલી આપ્યું હોય તેઓએ લવાજમ મોકલી આપી તે ચારે પુસ્તકો મંગાવી લેવા નમ્ર વિનંતિ છે. બહારગામના બંધુઓએ પોસ્ટ ખર્ચના રૂા. ૦-૭-૦ વધુ મોકલવા વિનંતિ છે, જેથી પુસ્તકો તેઓને પોસ્ટદ્વારા મોકલી આપવામાં આવશે.

**૧. શ્રી વિજયાનંદસૂરિ. ૨. શ્રાવક કલ્પતરુ, ૩. અધ્યાત્મ મત પરીક્ષા, ૪. ધર્મવીર ઉપાધ્યાય.**

---

### 'શ્રી મહાવીર ( પ્રભુ ) ચરિત્ર.'

૫૨૦ પાના, સુંદર ગુજરાતી અક્ષરો, ઊંચા કાગળો, સુંદર ફોટાઓ અને સુશોભિત કપડાનાં મનરંજન બાઈન્ડીંગથી અલંકૃત કરેલ ગ્રંથ આ સભા તરફથી પ્રગટ થયેલ છે. આ ગ્રંથમાં પ્રભુના સત્તાવીશ ભવનું વિસ્તારપૂર્વક વર્ણન, ચોમાસાનાં સ્થળો સાથેનું લંબાણથી વિવેચન, કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પૂર્વેના ત્રીશ વર્ષ પૂર્વેનું વિહારવર્ણન, સાડાબાર વર્ષ કરેલા તપનું વિસ્તારપૂર્વક વિવેચન, થયેલા ઉપસર્ગોનું ઘણું જ વિસ્તારપૂર્વક વિવેચન જેટલું આ ગ્રંથમાં આવેલું છે તેટલું કોઈના છપાવેલા બીજા ગ્રંથોમાં આવેલ નથી; કારણ કે કર્ત્તા મહાપુરુષે કલ્પસૂત્ર, આગમો, ત્રિષષ્ઠિ વગેરે અનેક ગ્રંથોમાંથી દોહન કરી આ ચરિત્ર આટલું સુંદર રચનાપૂર્વક લંબાણથી લખ્યું છે. બીજા ગમે તેટલા લઘુ ગ્રંથો વાંચવાથી શ્રી મહાવીરજીવનનો સંપૂર્ણ ખ્યાલ આવી શકે નહિ, જેથી આ ગ્રંથ મંગાવવા અમો ખાસ ભલામણ કરીએ છીએ. આવા સુંદર અને વિસ્તારપૂર્વક ગ્રંથની અનેક નકલો ખપી ગઈ છે. હવે જૂજ બુકો સિલિકે છે. આવા ઉત્તમ, વિસ્તારપૂર્વકના વર્ણન સાથેના ગ્રંથ મોટા ખર્ચ કરી ફરી ફરી છપાવાતા નથી; જેથી આ લાભ ખાસ લેવા જેવો છે. કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ અલગ.

લખો—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

---

## ભાઈ ભાઈચંદ ગોકળદાસનો સ્વર્ગવાસ.

કુંડલાનિવાસી ભાઈ ભાઈચંદ થોડા દિવસની બિમારી ભોગવી તા. ૨૯-૧૨-૪૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ મિલનસાર અને દેવગુરુધર્મ પ્રત્યે શ્રદ્ધાવાળા હતા. તેઓ ઘણા વખતથી આ સભાના સભાસદ હતા. તેઓના સ્વર્ગવાસથી આ સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે. અમો તેમના કુટુંબને દિલાસો દેવા સાથે તેમના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

---

## શેઠ છોટાલાલ પ્રેમજીભાઇનો સ્વર્ગવાસ.

માંગરોળનિવાસી શેઠ છોટાલાલભાઈના તા. ૧-૧-૪૩ શુક્રવારના રોજ માંગરોળ મુકામે થયેલ સ્વર્ગવાસની નોંધ લેતા આ સભા અત્યંત દિલગીરી જાહેર કરે છે. શેઠ છોટાલાલભાઇની સેવા જૈન સમાજના જાહેર તથા ખાનગી કાર્યોમાં સારી હતી. તેઓ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિ, મુંબઈ શ્રી ગોડી પાર્શ્વનાથ મંદિરની પેઢીના ટ્રસ્ટી, કોટના મંદિરના ટ્રસ્ટી અને માંગરોળ વણિક મહાજન, પાંજરાપોળ વગેરે સંસ્થાના સેવાભાવી કાર્યકર હતા. તેઓ સ્વભાવે સરલ અને મિલનસાર તથા દેવગુરુધર્મની શ્રદ્ધાવાળા હતા. આ સભા પ્રત્યે તેઓ પ્રેમ ધરાવતા હોઇ આ સભાના તો તેઓ ઘણા વખતથી લાઇફ મેમ્બર હતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી જૈન સમાજે એક શાસનસેવક ગુમાવ્યો છે અને આ સભાને તો એક ધર્મપ્રેમી બંધુની ખોટ પડી છે. તેઓશ્રીના કુટુંબને દિલાસો દેવા સાથે તેઓશ્રીના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

## 'શ્રી આત્માનંદ ગ્રંથરત્નમાળા'ના પ્રાચીન માગધી, સંસ્કૃત ગ્રંથો માટે નમ્ર સૂચના.

**वसुदेवहिंडि**—પ્રથમ ભાગ સિલિકે નથી, જેથી પ્રથમ ભાગ ખરીદ કરનાર મહાશયોએ બીજો ભાગ તુરત મંગાવી લેવો. તે પણ હવે સિલિકે જૂજ છે.

**श्री बृहत्कल्पसूत्र**—પ્રથમ ભાગ સિલિકે નથી, જેથી પ્રથમ ભાગ લેનાર મહાશયોએ બીજાથી પાંચમા ભાગ સુધી, બીજા ભાગ સુધી ખરીદેલ હોય તેમણે ત્રીજો, ચોથો, પાંચમો, ત્રીજા ભાગ સુધી ખરીદેલ હોય તેમણે ચોથો, પાંચમો ભાગ અને ચોથા ભાગ સુધી ખરીદેલ હોય તેમણે પાંચમો ભાગ સત્વર મંગાવી લેવો. તે ભાગો પણ સિલિકે જૂજ છે.

( છઠ્ઠો ભાગ તૈયાર થાય છે, તૈયાર થયે જાહેર ખબર આપીશું. હમણાં કોઈએ તે માટે લખવું નહિ.)

**कर्मग्रंथ भाग १-२** ( શ્રી દેવેન્દ્રસૂરિકૃત ટીકા ) કે જે હાલ ધાર્મિક શાળાઓમાં અભ્યાસમાં પ્રચલિત છે. જેનો પ્રથમ ભાગ ખલાસ થઇ ગયેલ છે. બીજા ભાગની નકલો જૂજ છે. પહેલો ભાગ ખરીદેલ હોય તેમણે સત્વર બીજો ભાગ મંગાવી લેવો.

**प्राचीन चार कर्मग्रंथ**—એક પણ કોપી સિલિકે નથી.

( ઉપરોક્ત ગ્રંથોના બીજા બધા ભાગોમાં હવે પછી કમીશન આપવામાં આવશે નહીં. )

વ્યવસ્થાપક,
**'શ્રી આત્માનંદ ગ્રંથરત્નમાળા.'**

---

## 'શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા.'

**શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર** ( ભાષાંતર )—પ્રથમ ભાગ સિલિકે નથી. પ્રથમ ભાગ ખરીદનારે બીજો ભાગ ( સંપૂર્ણ ) તુરત મંગાવી લેવો.

**સેક્રેટરીઓ.**

---

## કર્મગ્રંથ ભાગ ૧-૨ સંપૂર્ણ.

**પ્રથમ ભાગ સિલિકે નથી; બીજા ભાગની ઘણી જ થોડી નકલો સિલિકે રહી છે.**

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત-પ્રથમ ભાગ રૂા. ૨-૦-૦ ( સિલિકે નથી )**
**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪-૦-૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદ્વતાપૂર્ણ કરવામાં આવેલ છે; જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોશ, શ્વેતાંબરીય કર્મતત્ત્વવિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટીક કાગળો ઉપર, સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. ( ફક્ત બીજો ભાગ સિલિકે હોવાથી ) બીજા ભાગની કિંમત રૂા. ૪-૦-૦ પોસ્ટેજ જુદું.

**લખો:—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

( શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું—ભાવનગર. )

For Private And Personal Use Only